dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 66 | AD - 2024, Magashirsha Sud - 09 | Monday, Dt.09-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ઘણી જગ્યાઓ પર નિયંત્રણ મેળવવા માટે સેના અને બળવાખોર જૂથ વચ્ચે ભીષણ યુદ્ધ

# સીરિયામાં તખ્તાપલટ, રાષ્ટ્રપતિ દેશ છોડીને ભાગ્યા : વિદ્રોહીઓ રાજધાનીમાં ઘુસ્યા

(એચ.એસ.એલ),દમાસ્કસ ,તા.૮

સીરિયામાં સ્થિતિ વિસ્ફોટક બની છે. સીરિયાની સેના નબળી પડી રહી છે અને લડવૈયાઓ એક પછી એક શહેરો પર કબજો કરી રહ્યા છે અને હવે મુખ્ય શહેર હોમ્સ પર કબજો કરી લીધો છે. સીરિયાના રાષ્ટ્રપતિ બશર અલ-અસદ દેશ છોડીને ભાગી ગયા છે. સેનાએ પુષ્ટિ કરી કે અસદ દેશ છોડી રહ્યા છે અને કહ્યું કે દેશમાં રાષ્ટ્રપતિની સત્તા સમાપ્ત થઈ ગઈ છે. છેલ્લા ૧૧ દિવસથી વિદ્રોહી જૂથો અને સેના વચ્ચે સીરિયામાં કબજા માટે લડાઈ ચાલી રહી હતી. વિદ્રોહીઓ રાજધાની દમાસ્કસ પ્રવેશ્યા છે. સીરિયાના PMએ બળવાખોરોને સત્તા સોંપવાનો પ્રસ્તાવ મૂક્યો છે. પીએમ મોહમ્મદ ગાઝી અલ જલાલીએ એક રેકોર્ડિંગમાં કહ્યું છે કે તેઓ દેશમાં જ રહેશે અને સીરિયાના લોકો જેને પસંદ કરશે તેની સાથે કામ કરશે. CNNના અહેવાલ મુજબ છેલ્લા એક સપ્તાહમાં વિદ્રોહીઓએ સીરિયાના ચાર મોટા શહેરો પર કબજો કરી લીધો છે. બળવાખોરો દારા શહેરમાંથી રાજધાની દમાસ્કસમાં પ્રવેશ્યા છે, જેમને તેઓએ ૬ ડિસેમ્બરે કબજે કર્યું હતું. દારા એ જ શહેર છે જ્યાંથી ૨૦૧૧માં રાષ્ટ્રપતિ બશર અલ-અસદ વિરુદ્ધ બળવો શરૂ થયો હતો, જેણે સમગ્ર દેશને યુદ્ધની સ્થિતિમાં લાવ્યો હતો. દારાથી રાજધાની દમાસ્કસનું અંતર લગભગ ૧૦૦ કિમી છે. સ્થાનિક બળવાખોરોએ અહીં કબજો કરી લીધો છે. ત્યાં જ, અલેપ્પો, હમા અને હોમ્સ ઈસ્લામિક ઉગ્રવાદી જૂથ હયાત તહરિર અલ-શામના નિયંત્રણમાં છે. સંઘર્ષને કારણે અત્યાર સુધીમાં ૩.૭૦ લાખ લોકો વિસ્થાપિત થયા છે. હમા, અલેપ્પો અને દારાને કબજે કર્યા પછી, હોમ્સ



બળવાખોરો દ્વારા કબજે કરવામાં આવેલું ચોથું મોટું શહેર છે. જે વીડિયો સામે આવ્યા છે તે શહેરના કબજાની કહાની કહી રહ્યા છે. એક વીડિયો પણ સામે આવ્યો છે જેમાં મુખ્ય શહેર હોમ્સના નિયંત્રણ માટે સરકારી દળો સામે લડી રહેલા સીરિયન બળવાખોરો વચ્ચે ગોળીબારના અવાજો સંભળાય છે અને બળવાખોર લડવૈયાઓ શેરીઓમાં જોવા મળે છે. સેના મધ્ય શહેરમાંથી પાછી ખેંચી લીધા પછી હોમ્સના હજારો રહેવાસીઓ શેરીઓમાં ઉતરી આવ્યા હતા, “અસદ ગયો, હોમ્સ આઝાદ છે” અને “સીરિયા લાંબું, બશર અલ-અસદ લાંબું જીવો.” બળવાખોરોએ ઉજવણીમાં હવામાં ગોળીબાર કર્યો, જ્યારે ઉત્સાહિત યુવાનોએ સીરિયન રાષ્ટ્રપતિના પોસ્ટરો ફાડી નાખ્યા. સીરિયામાં ચાલી રહેલા ગૃહયુદ્ધ વચ્ચે મોટા સમાચાર આવી રહ્યા છે. વિદ્રોહીઓએ સીરિયાની રાજધાની દમાસ્કસ પર કબજો કરી લીધો છે. દરમિયાન, દેશ છોડીને ભાગી રહેલા રાષ્ટ્રપતિ બશર અલ અસદના વિમાન દુર્ઘટનાના અહેવાલો છે. અસદનો પરિવાર પહેલેથી જ દેશ છોડીને ભાગી ગયો હતો. આ પછી રાષ્ટ્રપતિ અસદ સીરિયાથી ભાગી રહ્યા હતા અને તેમનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું. રાષ્ટ્રપતિનું વિમાન ટેકઓફના થોડા સમય બાદ રડારથી ગાયબ થઈ ગયું અને પછી ક્રેશ થઈ ગયું.

સીરિયાના વડાપ્રધાન મોહમ્મદ ગાઝી અલ-જલાલીએ કહ્યું છે કે તેઓ શાંતિપૂર્ણ રીતે વિપક્ષને સત્તા સોંપવા માટે તૈયાર છે. જલાલીએ કહ્યું છે કે, "હું મારા ઘરે છું અને ક્યાંય ગયો નથી અને આ એટલા માટે છે કારણ કે હું મારા દેશને પ્રેમ કરું છું." તેમણે એમ પણ કહ્યું કે તેઓ સવારે કામ માટે તેમની ઓફિસ જશે. જોકે, વડાપ્રધાને રાષ્ટ્રપતિ બશર અલ-અસદના દેશ છોડવાના સમાચાર પર કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. વિદ્રોહીઓએ દમાસ્કસ પર કબજો કરી લીધો છે. વિદેશી અધિકારીઓએ નામ જાહેર ન કરવાની શરતે કહ્યું કે અસદની સરકાર થોડા દિવસોમાં પડી શકે છે. એક યુએસ અધિકારીએ પાંચથી દસ દિવસની સમયમર્યાદાનો અંદાજ મૂક્યો હતો, જ્યારે બીજાએ કહ્યું હતું કે અસદને એક સપ્તાહની અંદર સત્તા પરથી હટાવી શકાય છે.




### પંજાબના ખેડૂત સંગઠનો તેમની માંગણીઓ સાથે ફેબ્રુઆરીથી શંભુ બોર્ડર પર બેઠા છે

# હરિયાણા પોલીસે ટીયર ગેસના શેલ છોડતા ખેડૂતોની પીછેહઠ

(એચ.એસ.એલ),ચંડીગઢ,તા.૮

પંજાબના ખેડૂત સંગઠનો તેમની માંગણીઓ સાથે ફેબ્રુઆરીથી શંભુ બોર્ડર પર બેઠા છે. હરિયાણા તેમને આગળ વધવા દેતું નથી. ૬ ડિસેમ્બરે પણ ખેડૂતોએ આગળ વધવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે ટીયર ગેસના શેલ છોડતા ખેડૂતોને પીછેહઠ કરવાની ફરજ પડી હતી. શંભુ બોર્ડર પર, હરિયાણા પોલીસ ખેડૂતોને તેમના ઓળખ કાર્ડ બતાવવા માટે કહી રહી હતી. પોલીસનું કહેવું છે કે અમે પહેલા ખેડૂતોની ઓળખ કરીશું અને પછી તેમને આગળ જવા દઈશું. ખેડૂતો અને પોલીસ વચ્ચે બોલાચાલી



થઈ હતી. હરિયાણા પોલીસ ખેડૂતો પાસેથી દિલ્હી જવાની પરવાનગી માંગી રહી છે. શંભુ બોર્ડર પર ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરે આરોપ લગાવ્યો કે ભગવંત માન સરકાર કેન્દ્ર સરકાર સાથે કોઈ પ્રકારનું ગઠબંધન કરી રહી છે. પહેલા અમે ફક્ત કેન્દ્ર સરકારની વિરુદ્ધ હતા, પરંતુ હવે અમારે રાજ્ય સરકાર સાથે વ્યવહાર કરવો પડશે. પંજાબ સરકાર કેન્દ્ર સરકારના કામ પર ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ કરી રહી છે. હરિયાણાના ડીજીપીએ પંજાબના ડીજીપીને પત્ર લખીને અપીલ કરી છે કે હરિયાણા બોર્ડર જ્યાં બેરિકેડિંગ કરવામાં આવ્યું છે તેના લગભગ એક કિલોમીટર પહેલા મીડિયાને રોકવામાં આવે. શુક્રવારે જ્યારે ખેડૂતોનું જૂથ હરિયાણા સરહદ તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે મોટી સંખ્યામાં મીડિયા પ્રતિનિધિઓ તેમની સાથે હતા.

# વક્ફ બોર્ડે ખેડૂતોની જમીન પર દાવો કર્યા બાદ મહારાષ્ટ્રનું રાજકારણ ગરમાયું

મુંબઈ,તા.૮

મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં ૧૦૦ થી વધુ ખેડૂતો વક્ફ બોર્ડ સાથે જમીન વિવાદમાં ફસાયેલા છે. ખેડૂતોનો આરોપ છે કે બોર્ડ તેમની પૂર્વજોની ૩૦૦ એકર જમીન પર કબજો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. વક્ફ બોર્ડ એ મિલકતોનો ઉલ્લેખ કરે છે જે, ઈસ્લામિક કાયદા અનુસાર, ફક્ત ધાર્મિક અથવા સખાવતી હેતુઓ માટે સમર્પિત છે. આ સંદર્ભે વક્ફ બોર્ડે લાતુરના ૧૦૩ ખેડૂતોને નોટિસ મોકલી છે. ખેડૂતોએ જમીન વિવાદમાં સરકારના હસ્તક્ષેપની માંગ કરી છે.




તે જ સમયે, હવે આ મામલાને છત્રપતિ સંભાજીનગર સ્થિત મહારાષ્ટ્ર સ્ટેટ વક્ફ ટ્રિબ્યુનલમાં લઈ જવામાં આવ્યો છે. અસરગ્રસ્ત ખેડૂતોમાંના એક તુકારામ કનવટેએ જણાવ્યું હતું કે અમને પેઢીઓથી આ જમીનો વારસામાં મળી રહી છે. આ વક્ફ મિલકતો નથી. તેમણે મહારાષ્ટ્ર સરકારને ન્યાયની અપીલ પણ કરી છે. આ કેસની બે વખત સુનાવણી થઈ ચૂકી છે. આગામી સુનાવણી ૨૦ ડિસેમ્બરે રાખવામાં આવી છે.




# બીજી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની ૧૦ વિકેટે શરમજનક હાર



(એચ.એસ.એલ),એડિલેડ,તા.૮

એડિલેડમાં રમાયેલી પિંક બોલ ટેસ્ટ મેચમાં યજમાન ઓસ્ટ્રેલિયાએ ભારતને અઢી દિવસમાં ૧૦ વિકેટે હરાવ્યું હતું. આ સાથે ઓસ્ટ્રેલિયાએ જોરદાર પુનરાગમન કર્યુ અને પાંચ મેચની ટેસ્ટ શ્રેણી ૧-૧થી બરાબર કરી લીધી. પર્થમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને ૨૯૫ રનથી હરાવ્યું હતું. ત્રીજી ટેસ્ટ મેચ ૧૪ ડિસેમ્બરથી બ્રિસ્બેનના ગાબા મેદાન પર રમાશે. ઓસ્ટ્રેલિયાના બોલરોએ તરખાટ મચાવી દીધો હતી અને એડિલેડ ટેસ્ટ મેચના ત્રીજા દિવસના પહેલા જ સેશનમાં ટીમ ઈન્ડિયાને બીજા દાવમાં ૧૭૫ રનમાં આઉટ કરી દીધી હતી. ભારત તરફથી બીજી ઈનિંગમાં નીતિશ રેડ્ડીએ સૌથી વધુ ૪૨ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી બીજી ઈનિંગમાં પેટ કમિન્સે સૌથી વધુ ૫ વિકેટ ઝડપી હતી. જ્યારે સ્કોટ બોલેન્ડે ૩ વિકેટ લીધી હતી. આ સિવાય મિચેલ સ્ટાર્કને ૨ વિકેટ મળી હતી. ઓસ્ટ્રેલિયાને આ ટેસ્ટ મેચ જીતવા માટે ૧૯ રનનો ટાર્ગેટ હતો. આ પછી કાંગારુ બેટ્સમેનોએ એકપણ વિકેટ ગુમાવ્યા વિના લક્ષ્ય હાંસલ કરી વિજય નોંધાવ્યો હતો. આ પહેલા ટીમ ઈન્ડિયા પ્રથમ દાવમાં ૧૮૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં ૩૩૭ રન બનાવ્યા હતા અને ૧૫૭ રનની મોટી લીડ મેળવી હતી. ઓસ્ટ્રેલિયાના બોલરોએ તબાહી મચાવી હતી અને ટીમ ઈન્ડિયાને બીજી ઈનિંગમાં ૧૭૫ રનમાં આઉટ કરી દીધી હતી. ભારત તરફથી બીજી ઈનિંગમાં નીતિશ રેડ્ડીએ સૌથી વધુ ૪૨ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી પેટ કમિન્સે બીજી ઈનિંગમાં સૌથી વધુ ૫ વિકેટ લીધી હતી. જ્યારે સ્કોટ બોલેન્ડે ૩ વિકેટ લીધી હતી. આ પહેલા ટીમ ઈન્ડિયા પ્રથમ દાવમાં ૧૮૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં ૩૩૭ રન બનાવ્યા હતા અને ૧૫૭ રનની મોટી લીડ મેળવી હતી.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૦૯-૧૨-૨૦૨૪

# અમરેલીનાં લાઠી રોડ પરની સ્પિનિંગ કંપનીમાં આગ લાગી



અમરેલી,તા.૦૮

અમરેલીના લાઠી રોડ પર આવેલ 'દૃષ્ટિ કોર્ટ સ્પીન પ્રા.લી.'નામની સ્પીનીંગ કંપનીમાં આજે સવારે ૧૦:૦૯ કલાકના સુમારે અચાનક આગ લાગવાની ઘટના બની હતી. આ ઘટનાની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમને થતાં અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે ૨ વોટર બાઉઝર સાથે પહોંચી હતી. ટીમે બે કલાકની જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. આ કામગીરી કરનાર ફાયર સ્ટાફની કામગીરીને લોકોએ બિરદાવી હતી.

# સા.કુંડલાનાં વંડામાં મોટર સાઈકલ રિપેરીંગના ઝઘડામાં મારામારી થઈ

સાવરકુંડલા, તા.૦૮

સાવરકુંડલાના વંડા ગામે રહેતા રાઘવભાઈ બગડા તેમની મોટર સાઈકલ છેલ્લા ઘણા સમયથી બંધ પડી જતી હોય તે રિપેરીંગ કરાવવા જેસર હાઈવે રોડ પરના મુકેશભાઈ નારીગરાના શ્યામ ઓટો ગેરેજ ખાતે ગયા હતા. ત્યાં મુકેશભાઈએ રાઘવભાઈ સાથે મોટર સાઈકલ રિપેરીંગ બાબતે બોલાચાલી કરીને જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યા હતા. આ વિવાદમાં મુકેશભાઈએ લાકડીનો એક ઘા માથાના ભાગે મારવા જતા રાઘવભાઈએ જમણો હાથ આડો કરતા જમણા હાથના બાવડાના ભાગે ઈજા થઈ હતી. આથી તેમણે વંડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ધાવડીયા-ભાણીયામાં જે.વી. કાકડીયાનાં હસ્તે વિવિધ કામોનું ખાતમુહૂર્ત કરાયું



ખાંભા,તા.૦૮

ખાંભા તાલુકાના ધાવડીયા ભાણીયા ગામે ધારાસભ્ય જે.વી. કાકડીયાની ગ્રાન્ટમાંથી સી.સી. રોડ, બ્લોક રોડ, સ્મશાન જવા માટે કોઝવે તેમજ સ્મશાન છાપરીના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ તકે, ગામના સરપંચ તેમજ તાલુકા યુવા ભાજપ પ્રમુખ ભમ્મર ભગત, બાવભાઈ ભમ્મર, રાજુભાઈ ભમ્મર, શામળાભાઈ કાતરીયા, દિનેશભાઈ કાતરીયા, મથુરભાઈ દુધરેજીયા, જગાભાઈ વરીયા, વિપુલભાઈ હડિયા તેમજ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

# લાઠી તાલુકામાં પલ્સ પોલીયો અભિયાનની શરૂઆત કરાઈ




લાઠી,તા.૦૮

લાઠી તાલુકાના બાળકોને સ્વસ્થ અને નિરોગી રાખવા માટે બ્લોક હેલ્થ ઓફિસ દ્વારા આજે પોલિયો ટીકાકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. લાઠીના ૧૫ બુથ પર બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ અભિયાનનો મુખ્ય હેતુ બાળકોને પોલિયો જેવા ગંભીર રોગથી બચાવવાનો છે. પોલિયો એક ખૂબ જ ખતરનાક રોગ છે જે બાળકોને અપંગ બનાવી શકે છે. આ રોગથી બચવા માટે પોલિયો ટીકાકરણ ખૂબ જ જરૂરી છે.

# સા.કુંડલાના સ્વામિનારાયણ ગુરુકુળમાં વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો




તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલામાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા શુક્રવારે ૩૩૨મો વિનામૂલ્યે મહા નેત્રયજ્ઞ અને નેત્રમણી કેમ્પમાં કુલ ૯૫ દર્દીઓએ લાભ લીધો હતો, તેમાં જે ૧૬ દર્દીઓને નેત્રમણીની આવશ્યકતા હતી તેમને વિરનગર મોકલવામાં આવેલ. બાકીના તમામ દર્દીઓને આંખનાં ટીપા, ટ્યૂબ તથા બેતાળાના ચશ્મા આપવામાં આવેલ. આ મહા નેત્રયજ્ઞમાં મુખ્ય દાતા મુંબઈ નિવાસી પારેખ ચેરીટેબલ ટ્રસ્ટનાં સ્વ. જયંતીલાલ કેશવજીભાઈ પારેખ તેમજ સ્વ. મનુભાઈ કેશવજીભાઈ પારેખ હસ્તે, ભરતભાઈ, ગૌતમભાઈ અને જયેશભાઈ હાજર રહ્યા હતા. સંસ્થાના વડા શાસ્ત્રી ભગવતપ્રસાદ દાસજીસ્વામી સાથે ટ્રસ્ટના દાતા દ્વારા દીપ પ્રાગટય કરી નેત્ર કેમ્પનો પ્રારંભ કરાયો હતો. આ કાર્ય સંસ્થાના પ્રમુખ હરિપ્રસાદદાસજી સ્વામી, કોઠારી સ્વામી શ્રી અક્ષર મુક્ત સ્વામી, શુકદેવજી સ્વામીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

# વાઘાપરાનું ગૌરવ વધારનાર જયેશભાઈનું ભવ્ય સ્વાગત



ધારી,તા.૦૮

ધારીનાં વાઘાપરા ગામના યુવાન અગ્નિવીરની તાલીમ પૂર્ણ કરી વતનમાં પરત ફરતા ગ્રામજનો દ્વારા તેનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. જયેશભાઈ ચતુરભાઈ કૂકવાવા અગ્નિવીરની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરીને પોતાના ગામમાં પરત ફર્યા હતાં. જયેશભાઈનું સન્માન બજરંગ ગ્રુપના પ્રમુખ પરેશભાઈ પટ્ટણી, વાઘાપરાના આગેવાન લાખાભાઈ સોલંકી, વિરૂભાઈ કણસાગરા અને ચતુરભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજુલાની વિદ્યાર્થિનીઓ ભાવનગર રિજિયનલ સાયન્સ સેન્ટરની મુલાકાતે




રાજુલા,તા.૦૮

રાજુલાની શ્રીમતી ટી.જે. બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓએ ભાવનગર રિજિયનલ સાયન્સ સેન્ટરની મુલાકાત લઈને વિજ્ઞાનના રસપ્રદ વિશ્વનો અનુભવ કર્યો હતો.

વિજ્ઞાન પ્રત્યે રુચિ ધરાવતી વિદ્યાર્થિનીઓને આ એક દિવસીય પ્રવાસ દ્વારા વિજ્ઞાનના વિવિધ પાસાઓ વિશે જાણવાની તક મળી. સેન્ટર ખાતે વિદ્યાર્થિનીઓએ વિજ્ઞાનના વિવિધ આવિષ્કારો, આવિષ્કર્તાઓ અને વિજ્ઞાનની માનવજીવન પરની અસરો વિશે માહિતી મેળવી હતી. શાળાના આચાર્ય શ્રીમતી સીમાબેન પંડ્યાએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખૂબ જ મહેનત કરી હતી.

# બાબરામાં ડો. બાબા સાહેબ આંબેડકરની પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ



બાબરા,તા.૦૮

મહામાનવ ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૬૯મી પુણ્યતિથિ નિમિત્તે બાબરામાં સમતા સૈનિક દળ દ્વારા શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાબા સાહેબની પ્રતિમાને ફૂલહાર કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સમતા સૈનિક દળના અધ્યક્ષ નિવૃત્ત નાયબ મામલતદાર પી.એલ. મારુ, શિક્ષક મહેશભાઈ ચાવડા, શિક્ષક વિનુભાઈ ચાવડા, બી.એલ. મારુ, નગરપાલિકા સદસ્ય નરેશભાઈ મારુ, મંગાદાદા, યોગેન્દ્ર મારૂ, અરવિંદભાઈ ચાવડા, જયંતીભાઈ ચાવડા, દિનેશભાઈ ખુમાણ, અશોક પરમાર, ભાવેશ સોંધરવા, રામભાઈ મારુ વગેરે મહાનુભાવોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવોએ બાબા સાહેબને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.













## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૧૦/૨૦૨૪

અરજદાર :- શ્રી લાભુબેન જાદવભાઈ શિયાળ
સરનામું :- મું.શિયાળબેટ, તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - શિયાળબેટ
મું.શિયાળબેટ, તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના શિયાળબેટ** ગામના શ્રી **લાભુબેન જાદવભાઈ શિયાળ** એ તેમની **પુત્રી નામે શ્રી સંધ્યાબેન જાદવભાઈ શિયાળ નો જન્મ તા.૦૧/૦૬/૨૦૧૬ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વિશાલભાઈ એચ.ગંગાજળીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૨૯/૧૧/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**



# તાતણીયા ગામે ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે વિવિધ વિકાસલક્ષી કાર્યોનું ખાતમુહૂર્ત

**સીસી રોડ, બ્લોક રોડ, સ્મશાન છાપરી, શેડ, પંચાયત ઘર રિનોવેશન સહિતના કામોની ગ્રામજનોના સાથ સહકારથી શરૂઆત**



તાતણીયા, તા.૦૮

તાતણીયા ગામમાં આજે વિકાસનાં નવા દ્વાર ખુલ્યા છે. ધારાસભ્ય જે.વી. કાકડીયાના પ્રયાસોથી ગામમાં વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામોમાં સીસી રોડ, બ્લોક રોડ, સ્મશાન છાપરી, શેડ, પંચાયત ઘરનું નવીનીકરણ અને ગટર વ્યવસ્થાનો સમાવેશ થાય છે. આ પ્રસંગે તાલુકા પંચાયતનાં સદસ્ય અને પૂર્વ કારોબારી ચેરમેન બાવભાઈ ભમ્મર, ગામનાં સરપંચ રાજુભાઈ ભમ્મર, ઉપ સરપંચ ભરતભાઈ ભુકણ, ગ્રામ પંચાયત સદસ્ય નિલેશભાઈ ઝાંઝમેરા અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ વિકાસ કામોથી ગામના લોકોને અનેક સુવિધાઓ મળશે.

# લાઠીના નારણગઢથી ઢસા-દામનગર-ગારિયાધાર હાઈવેના રિસરફેસીંગ કામનું ખાતમુહૂર્ત કરતા જનક તળાવીયા



લાઠી, તા.૦૮

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના નારણગઢ ગામેથી ઢસા, દામનગર અને ગારિયાધારને જોડતા સ્ટેટ હાઈવેના રિસરફેસિંગનું રૂ. ૮ કરોડના કામનું ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. લાઠી પંથકમાં વર્ષોથી અટકી પડેલ વિકાસના કામોને પુરા કરવા માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી છે. ખખડધજ રોડના કારણે વાહનચાલકો પણ પારાવાર મુશકેલી અનુભવી રહ્યા છે. આ રોડ બનવાને કારણે લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારના લોકો તેમજ વાહનચાલકોને મોટા પ્રમાણમાં ફાયદો થશે. આ પ્રસંગે ભાજપના આગેવાનો તેમજ પદાધિકારીઓ તેમજ સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# અવસાન નોંધ

**અમરેલી**

સ્વ. ભાસ્કરભાઈ ટપુભાઈ થડેશ્વર (ઉ.વ.૬૪)નું તા.૦૭/૧૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે પ્રફુલભાઈને શૈલેષભાઈ કેશવાળાના મોટા બનેવી, દિપાલીબેન અને બિંદુબેનના પિતાશ્રી તથા દિપકભાઈ અમૃતભાઈ ચલ્લા બરવાળા વાળા અને સંજયભાઈ કાળુભાઈ સાગર મહુવા વાળાના સસરા થાય છે. તેમનું બેસણું તા.૦૯/૧૨ના રોજ સાંજે ૪થી ૬ તેમના નિવાસસ્થાને ઓમનગર, શેરી નં.૩, બ્લોક નં.૧૦૭ અમરેલી ખાતે રાખેલ છે.

**બગસરા**

અબ્બાસભાઈ યુસુફઅલી વણાંક તે સુધરાબેન મોહંમ્મદઅલી શૌહર(ઉ.વ.૧૦૪) તે શબ્બીરભાઈ અબ્બાસભાઈ વણાંક(સોડાવાળા) જેતપુરના બાવાજી, તે મુર્તજાભાઈ તથા ઈમરાનભાઈ(જેતપુર) તથા નફીસાબેન સૈફુદીન(જુનાગઢ) તે ફાતેમાબેન શબ્બીરભાઈ(રાજકોટ)નાં દાદાજી, જેઓ તા.૦૮/૧૨ ને રવિવારના રોજ બગસરા મુકામે વફાત થાય છે. તેમની ઝીયારત તા.૧૦/૧૨/૨૪ ને મંગળવારનાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે વજીહી મસ્જીદ બગસરા ખાતે રાખેલ છે.






# નાના ભંડારીયા ગામમાં પોલિયો અભિયાનનો શુભારંભ કરાયો



નાના ભંડારીયા, તા.૦૮

નાના ભંડારીયા ગામમાં પોલિયો ટીકાકરણ અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ગામના સરપંચ ભારતીબેન નરેશભાઈ ત્રાપસીયાએ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવીને આ અભિયાનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. સરપંચ ભારતીબેને ગ્રામજનોને અપીલ કરી હતી કે, તેઓ પોતાના બાળકોને પોલિયોના ટીપાં અવશ્ય પીવડાવે. તેમણે ખાસ કરીને વાડી વિસ્તારમાં કામ કરતા મજૂરોને પોતાના બાળકોને પોલિયોના ટીપાં અવશ્ય પીવડાવવા જણાવ્યું હતું. આ અભિયાનમાં આરોગ્ય વિભાગ અમરેલીના M0 મોટા આંકડીયા, MPHW પ્રિયાંગભાઈ દાફડા, FHW તૃપ્તિબેન ભટ્ટ તેમજ આશા વર્કર અને આંગણવાડી વર્કરો સહિત ગ્રામ પંચાયતના સભ્યોએ સંયુક્ત મહેનત કરી હતી.

# સાવરકુંડલા શિવાજીનગરમાં રસ્તો તોડી નાખતા રહીશોને મુશ્કેલી



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલા શિવાજીનગર આનંદ આશ્રમ વાળી શેરી જે શિવાજીનગરમાં આવેલી છે, તે શેરીનો નવો રોડ બનાવવા માટે ૨૦ દિવસ પહેલા નગરપાલિકા દ્વારા જૂના રોડને ખોદી નાખ્યો છે જેને કારણે ત્યાં ગટર લાઈન તૂટી ગઈ છે જેથી ગટરના ગંદા પાણી, મળ બહાર આવે છે. આજુબાજુમાં રહેતા રહીશોને પારાવાર મુશ્કેલી સર્જાય છે. વિસ્તારવાસીઓને આટલી મુશ્કેલી પડતી હોવા છતાં પાલિકા દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું નથી જેથી વિસ્તારવાસીઓમાં રોષ ફેલાયો છે.






## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૧૧/૨૦૨૪

અરજદાર :- શ્રી સોલંકી દેસુરભાઈ કરશનભાઈ
સરનામું :- મું.મોટા સાકરીયા, તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - મોટા સાકરીયા
મું.મોટા સાકરીયા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના મોટા સાકરીયા** ગામના શ્રી **સોલંકી દેસુરભાઈ કરશનભાઈ** એ તેમના **ભાણેજ નામે શ્રી ભાણાભાઈ માંડણભાઈ મકવાણા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૯ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વિશાલભાઈ એચ.ગંગાજળીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૨૯/૧૧/૨૦૨૪**

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**











## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૧૨/૨૦૨૪

અરજદાર :- શ્રી લખમણભાઈ ભગવાનભાઈ બાંભણીયા
સરનામું :- મું.ભાડા, તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ભાડા
મું.ભાડા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ભાડા** ગામના શ્રી **લખમણભાઈ ભગવાનભાઈ બાંભણીયા** એ તેમના **પુત્ર નામે શ્રી અશોકભાઈ લખમણભાઈ બાંભણીયા નો જન્મ તા.૧૦/૦૯/૨૦૦૦ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વિશાલભાઈ એચ.ગંગાજળીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૨૯/૧૧/૨૦૨૪**

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**











પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# બગસરા પાલિકામાં હીટલરશાહી : યાર્ડમાં ડીરેકટર માટે કોઈ દરખાસ્ત નહી કરાતા રોષ

**પાલિકાના સદસ્યના નામ યાર્ડમાં ડીરેક્ટર તરીકે મોકલી આપવુ જોઈએ : ધારાસભ્ય**

બગસરા, તા.૦૮

બગસરા નગરપાલિકામાં હીટલરશાહી ચાલતી હોવાનું સામે આવ્યુ છે. એક વર્ષ પહેલા પાલિકા પ્રમુખની વરણી થયા બાદ હજુ સુધી પાલિકાના સદસ્યને માર્કેટીંગ યાર્ડમાં ડીરેકટર તરીકે નામનો કોઈ ઠરાવ કરવામાં ન આવતા સદસ્યોમાં છાનેખુણે રોષ ફેલાયો છે. બગસરા પાલિકામાં એક વર્ષ કરતા વધારે સમયથી પાલિકા પ્રમુખે શાસન સંભાળ્યા બાદ હજુ સુધી પાલિકાના કોઈ સદસ્યને યાર્ડમાં ડીરેકટર તરીકે મોકલવામાં આવ્યા નથી. અત્રે નોંધનીય છે કે માર્કેટીંગ યાર્ડમાં એક પાલિકાના પ્રતિનિધી તરીકે સદસ્યને ડીરેકટર બનાવાવમાં આવતા હોય છે. આ અંગે ધારાસભ્ય જે.વી.કાકડીયાએ જણાવ્યું છે કે પાલિકાએ કોઈપણ એક સદસ્યના નામનો ઠરાવ માર્કેટીંગ યાર્ડમાં મોકલી આપવો જોઈએ તો પાલિકા પ્રમુખ પ્રતિનિધી એ.વી.રીબડીયાએ જણાવ્યું હતું કે, પક્ષ સાથે સંકલન કરી સદસ્યના નામનો ઠરાવ કરવામાં આવશે ત્યારે એક વર્ષ કરતા વધારે સમય વીતિ ગયા બાદ હજુ પક્ષ સાથે શા માટે સંકલન કરવામાં આવ્યુ નથી તેવો સવાલ સદસ્યો ઉઠાવી રહ્યાં છે. આજે યોજાનારી પાલિકાની સામાન્ય સભામાં માર્કેટીંગ યાર્ડમાં ડીરેકટર માટે સદસ્યોના નામના ઠરાવને પ્રમુખ સ્થાનેથી રજૂ કરવામાં આવે તેવું સદસ્યો ઈચ્છી રહ્યાં છે. ડીરેકટરના ઠરાવને લઈ શાસકોમાં તફડાતફડીના એંધાણ દેખાઈ રહ્યાં છે.

# કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય કોલેજના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક ક્લાસ

અમરેલી,તા.૦૮



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજ, અમરેલી ખાતે BCA વિભાગ દ્વારા છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનોને CMAT જેવી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે નિઃશુલ્ક ક્લાસની પહેલ કરી હતી. આ ક્લાસ માટે કરણભાઈ વેગડ જેઓ websankul ના સ્ટાફ છે.

આ પહેલથી અમરેલી જિલ્લાના વિદ્યાર્થીઓને બીજા શહેરમાં જઈને તૈયારી કરવી ના પડે તે માટેની સંપૂર્ણ વ્યવસ્થા માટે BCA વિભાગના HOD વિપુલભાઈ બાલધા તથા જોષી અભિષેકભાઈ એ જહેમત ઉઠાવી હતી.

આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી તથા કેમ્પસ ડાયરેકર વસંતભાઈ પેથાણીએ સ્ટુડન્ટ દરેક સ્પર્ધાત્મક પરીક્ષામાં ખુબ સારું પરિણામ લાવી સંસ્થાનું નામ રોશન કરે તેવી શુભકામના પાઠવી હતી.

# લાઠી શહેરના બે વિસ્તારમાં પાલિકાનો બેફામ ભ્રષ્ટાચાર

લાઠી,તા.૦૮

લાઠી નગરપાલિકા દ્વારા રાજય સરકારની ગ્રાન્ટનો દુરોપયોગ થતો હોવાનો શહેરીજનો આક્ષેપ કરી રહ્યાં છે.

લોકોની સુખાકારી માટે શહેરના મહાવીરનગર અને ભગતપરા વિસ્તારમાં પેવર બ્લોકનું કામ ચાલુ છે. આ કામમાં લોટ, પાણી અને લાકડા જેવુ કામ હોવાથી વિસ્તારવાસીઓમાં ભારે રોષ ફેલાયો છે. પેવર બ્લોકના કામ વખતે ખોદકામ કર્યા વગર જ મેટલ ગ્રીટ નાખવામાં આવી છે. આ અંગે પાલિકાના કર્મચારીઓ પણ તપાસ કરતા નથી.

જેના કારણે બેફામ ભ્રષ્ટાચાર વકર્યો છે. પાલિકાની ઘોર બેદરકારીને કારણે વિસ્તારવાસીઓમાં ભારે રોષ ફેલાયો છે.

# ધારીના વીરપુર ગામેથી મહિલા ગુમ થઈ

**પરિવાર દ્વારા ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી**

ધારી,તા.૦૮

ધારી તાલુકાના વીરપુર ગામની રહેવાસી ૨૧ વર્ષીય જસ્મીતાબેન પંકજભાઈ શેખડા શનિવારે કોઈને જાણ કર્યા વગર ઘરેથી કયાંક જતી રહેલ હોવાથી તેમના ગુમ થયાની નોંધ ધારી પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી.

# ખાંભાના ભાવરડીમાં ઘર સામે દારુની ખાલી કોથળીઓ ફેંકતા ઝઘડો

**આરોપીએ બિભત્સ ભાષામાં ગાળો આપીને મુંઢમાર માર્યો**

ખાંભા,તા.૦૮

ખાંભાના ભાવરડીમાં રહેતા નાગજીભાઈ રાઠોડના ઘરની સામે મુકેશભાઈ રાઠોડે દારૂની ખાલી કોથળીઓ ફેંકતા ઝઘડો થયો હતો. નાગજીભાઈએ ‘અમારા નાના છોકરાઓ પ્લાસ્ટિકની કોથળીઓ મોઢામાં નાખે છે’’ તેમ કહેતા, મુકેશભાઈએ એકદમ ઉશ્કેરાઈ જઈને જાહેરમાં જેમ ફાવે તેમ ખરાબ ભાષામાં ગાળો આપી હતી. આ ઉપરાંત નાગજીભાઈને બિભત્સ ભાષામાં ગાળો આપીને મુંઢમાર માર્યો હતો અને લોખંડના પાઈપથી ડાબા હાથે બે ઘા મારેલ હતા. આ ગુનામાં મુકેશભાઈ અને ભગાભાઈ આલાભાઈ રાઠોડ સામે ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

# જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનનો વાયરલેસ સેટ ગુમ થયો

જાફરાબાદ,તા.૦૮

જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના એકાઉન્ટ રૂમમાં કબાટ ઉપર રાખવામાં આવેલ વાયરલેસ સેટ તા.૨૩/૦૫/૨૦૨૪ થી તા.૨૪/૦૯/૨૦૨૪ ના સમયગાળામાં ગુમ થયેલ છે. જાપાનનો I.com કંપનીના વાયરલેસ સેટની અંદાજિત કિંમત રૂ.૩૫,૦૦૦ છે, જે ગુમ થયાની નોંધ જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ છે.

# થોરડીમાં શ્રી નિવાસી અંધ વિદ્યાલય ખાતે વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી

સાવરકુંડલા, તા.૦૮



થોરડી ખાતે શ્રી લોક સેવક સંઘ ગઢડા સંચાલિત શ્રી નિવાસી અંધ વિદ્યાલયમાં ૩ ડિસેમ્બરના રોજ વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે નિવાસી અંધ વિદ્યાલયના બાળકોના રમતોત્સવનું આયોજન કરવા આવ્યું હતું, રમતોમાં ૧થી ૩ નંબર પ્રાપ્ત કરનાર દિવ્યાંગ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. આ તકે ટ્રસ્ટી કાંતિભાઈ પરસાણા, આચાર્ય હિતેશભાઈ દેસાઈ, શિક્ષક સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં રત્નેશ્વર મહાદેવને આંગણે ત્રિવિધ કાર્યક્રમો યોજાયા

બગસરા, તા.૦૮



બગસરામાં સમસ્ત બ્રહ્મસમાજ સંચાલિત શ્રી રત્નેશ્વર મહાદેવ મંદિર ખાતે દાતાઓના સહયોગથી નિર્માણ થયેલ પ્રાર્થના હોલનો લોકાર્પણ કાર્યક્રમ સંતો મહંતોની ઉપસ્થિતિમાં યોજાયેલ. આ સાથે દાતાઓનું સન્માન અને બ્રહ્મ ચોર્યાસીનું પણ આયોજન કરવામાં આવેલ હતું. બગસરામાં આસ્થાના પ્રતીક અને પૌરાણિક શ્રી રત્નેશ્વર મહાદેવ મંદિર ખાતે મુંબઈ સ્થિત મુખ્ય દાતા સુરેશભાઈ રાયઠઠ્ઠાના યોગદાનથી ૧૭ લાખ જેવી માતબર રકમના ખર્ચ દ્વારા નિર્માણ થયેલ ભવ્ય પ્રાર્થના હોલનું લોકાર્પણ મોટી હવેલીના પ. પૂ. ગૌ.શ્રી ૧૦૮ રાસેશ્વર બાવાશ્રી, અમરેલી સમસ્ત બ્રહ્મસમાજના એમ.જી. જોશી, અશ્વિનભાઈ ત્રિવેદી, પાલિકાના પૂર્વ પ્રમુખ, પૂર્વ ઉપપ્રમુખ તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓના આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતું.

# લીલીયાના દાડમા ગામે પુત્રીએ પ્રેમલગ્નના વિવાદમાં ઝેરી દવા પીધી

લીલીયા,તા.૦૮

લીલીયા તાલુકાના દાડમા (પુતળીયા)ના રહેવાસી રીનાબેન પ્રતાપભાઈ મુળજીભાઈ સારીખડાએ એક વર્ષ પહેલા પ્રેમલગ્ન કરેલ હતા. આથી તેમના માતા દયાબેન હરીભાઈ લુવાર, મોટાબા -બાપુજી રાજાભાઈ હમીરભાઈ લુવાર અને કલુબેન રાજાભાઈ લુવારે લગ્નનું મનદુઃખ રાખી રીનાબેનને અવાર-નવાર ગાળો આપી મારી નાખવાની ધમકીઓ આપતા હતા. આથી રીનાબેનને ડર લાગતા પોતાની મેળે પોતાના ઘરે કિડી મકોડા મારવાનો ઝેરી પાવડર પી’ લેતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. લીલીયા પોલીસ સ્ટેશનમાં આ ત્રણેય આરોપીઓ સામે એકબીજાએ મદદગારી કરી હોવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# સા.કુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલમાં ઓનલાઈન સ્ટેમ ક્વિઝ યોજાઈ

સાવરકુંડલા,તા.૦૮



સાવરકુંડલામાં શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી. મોદી હાઈસ્કૂલમાં ઓનલાઈન સ્ટેમ ક્વિઝ યોજાઈ હતી. ગુજરાત સરકાર અને લોક વિજ્ઞાન કેન્દ્ર અને બાલ ભવન અમરેલીના સંપૂર્ણ સહયોગથી ડાયરેક્ટર નિલેશભાઈ પાઠક અને આસિસ્ટન્ટ ચેતનભાઈ પાઠકના માર્ગદર્શન નીચે શાળાના ધોરણ ૯ થી ૧૨ ના ૧૫૦ વિદ્યાર્થીઓને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી સ્ટેમ ક્વિઝનું સફળ આયોજન કરાયું હતું. શાળાના વિજ્ઞાનના શિક્ષકો નીતિનભાઈ સાવજ અને હરેશભાઈ ગુજરાતીએ આ પરીક્ષા માટેની વ્યવસ્થા અને માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપ્યું હતું. વિદ્યાર્થીઓએ પણ ખૂબ જ ઉત્સાહભેર ઓનલાઈન સ્ટેમ ક્વિઝમાં ભાગ લીધો હતો. પરીક્ષાના સફળ આયોજન બદલ મંડળના ટ્રસ્ટી અને આચાર્ય આશિષભાઈ જોશીએ તમામને અભિનંદન આપ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિઃ નોમ
તા. ૦૯-૧૨-૨૦૨૪, સોમવાર, સૂર્યોદય-૦૭:૦૨,
સૂર્યાસ્ત-૦૫:૨૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ પૂર્વભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૦૯-૧૨-૨૦૨૪ સોમવાર

મેષ: આજનો દિવસ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.

વૃષભ: આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે.

મિથુન: આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં.

કર્ક: આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. તેથી કોઈપણ કાર્ય વિચાર્યા પછી જ હાથમાં લેશો.

સિંહ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો.

કન્યા: આજનો દિવસ લાભકારક રહેશે. પ્રકૃતિ ચંચળ હશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં, છતાં નાણાકીય લાભ અચાનક બનશે.

તુલા: આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઇચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે.

વૃશ્ચિક: નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે.

ધન: આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. મનમાં ખોટ થવાના ડરને કારણે તમે કાર્યમાં ઉત્સાહ લાવી શકશો નહીં.

મકર: આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે.

કુંભ: આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે.

મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે.


અરોમા પ્રિમીયમ બોડી સ્પા

ધમાકા ઓફર AROMA PREMIUM BODY SPA ધમાકા ઓફર



લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે,
કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર




ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.


### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૨૦/૨૦૨૪

અરજદાર :- શ્રી ગોહિલ ભોજુભાઈ પાંચાભાઈ
સરનામું :- મું.વડલી, તા.જાફરાબાદ, જી.અમરેલી.
હાલ.ઉમેજ, તા.ઉના, જિ.ગીર સોમનાથ

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વડલી
મું.વડલી, તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વડલી** ગામના શ્રી **ગોહિલ ભોજુભાઈ પાંચાભાઈ** એ તેમના **(૧) ભાઈ નામે સ્વ.શ્રી ગોહિલ જોધુભાઈ પાંચાભાઈ નું મરણ તા.૧૮/૦૪/૨૦૦૬ (૨) ભાભી નામે સ્વ.શ્રી. ગોહિલ રાધુબેન જોધુભાઈ નું મરણ તા.૨૦/૦૩/૨૦૨૧ ના** રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વિશાલભાઈ એચ.ગંગાજળીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૨૯/૧૧/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૩૭/૨૦૨૪

અરજદાર :- શ્રી બાંભણીયા બોઘાભાઈ કાનાભાઈ
સરનામું :- મું.રોહીસા, તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા
મું.રોહીસા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના રોહીસા** ગામના શ્રી **બાંભણીયા બોઘાભાઈ કાનાભાઈ** એ તેમના **માતા નામે સ્વ.શ્રી જાહીબેન કાનાભાઈ બાંભણીયા નું મરણ તા.૧૫/૦૫/૧૯૮૫ ના** રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વિશાલભાઈ એચ.ગંગાજળીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૨૯/૧૧/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૧૩/૨૦૨૪

અરજદાર :- શ્રી બાંભણીયા છગનભાઈ ભીમાભાઈ
સરનામું :- મું.રોહીસા, તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા
મું.રોહીસા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના રોહીસા** ગામના શ્રી **બાંભણીયા છગનભાઈ ભીમાભાઈ** એ તેમના **માતા નામે સ્વ.શ્રી રાણીબેન ભીમાભાઈ બાંભણીયા નું મરણ તા.૧૬/૦૧/૨૦૦૬ ના** રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વિશાલભાઈ એચ.ગંગાજળીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૨૯/૧૧/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તંત્રી લેખ**

# દક્ષિણ ચીન સાગરમાં સંઘર્ષનો પ્રારંભ

દક્ષિણ ચીન સાગરમાં ચીન સાથે અમેરિકા, જાપાન અને ફિલિપાઈન્સ વચ્ચેનો સંઘર્ષ વધતો જાય છે. વિશ્વમાં આ એક સૌથી મોટું ટેન્શન ઊભું થયું છે. એક બાજુ દુનિયાના અડધો ડઝન દેશોમાં યુદ્ધનો માહોલ છે ત્યારે દક્ષિણ ચીન વિસ્તારનું આ ટેન્શન તમામ દેશો માટે ચિંતાનું કારણ બન્યું છે. દક્ષિણ ચીન સાગર એ એક વિશાળ જળ વિસ્તાર છે જે ઘણા દેશોના દાવાઓનું કેન્દ્ર બન્યો છે. આ વિસ્તારમાં ભરપૂર માછીમારીના સંસાધનો, ખનિજો અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગો આવેલા છે, જેના કારણે આ વિસ્તારનું ભૌગોલિક અને આર્થિક મહત્વ વધી ગયું છે. ચીન આ વિસ્તારના મોટા ભાગ પર પોતાનો દાવો કરે છે અને આ વિસ્તારમાં કૃત્રિમ ટાપુઓ બનાવીને અને સૈન્ય સ્થાપનો કરીને પોતાની હાજરી વધારી રહ્યું છે.

સંઘર્ષના મુખ્ય કારણો જાણવા જરૂરી છે. ચીન, વિયેતનામ, ફિલિપાઈન્સ, મલેશિયા, બ્રુનેઇ અને તાઈવાન સહિતના ઘણા દેશો દક્ષિણ ચીન સાગરના વિવિધ ભાગો પર પોતાનો દાવો કરે છે. કુદરતી સંસાધનો: આ વિસ્તારમાં ભરપૂર માછીમારીના સંસાધનો અને ખનિજો હોવાથી દેશો વચ્ચે સ્પર્ધા વધી છે. દક્ષિણ ચીન સાગર એ એક મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે જે દ્વારા વિશ્વનો મોટાભાગનો વેપાર થાય છે. ચીનનું વધતું પ્રભુત્વ દુનિયાના મોટાભાગના દેશો માટે મુશ્કેલીનું કારણ બન્યું છે. ચીન આ વિસ્તારમાં પોતાનું પ્રભુત્વ વધારવા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. અમેરિકા, જાપાન અને ફિલિપાઈન્સની ભૂમિકા: અમેરિકા દક્ષિણ ચીન સાગરમાં શાંતિ અને સ્થિરતા જાળવવા માટે પ્રતિબદ્ધ છે અને ચીનની આક્રમકતાનો વિરોધ કરે છે. અમેરિકાએ આ વિસ્તારમાં પોતાની નૌકાદળની હાજરી વધારી છે અને તેના મિત્ર દેશોને સમર્થન આપે છે. જાપાન પણ દક્ષિણ ચીન સાગરમાં શાંતિ અને સ્થિરતા જાળવવા માટે પ્રતિબદ્ધ છે અને અમેરિકા સાથે મળીને ચીનની આક્રમકતાનો વિરોધ કરે છે. ફિલિપાઈન્સ: ફિલિપાઈન્સ દક્ષિણ ચીન સાગરના વિવાદમાં સૌથી વધુ પ્રભાવિત દેશોમાંનો એક છે. ચીન ફિલિપાઈન્સના દાવાઓનું ઉલ્લંઘન કરે છે અને તેના દરિયાઈ વિસ્તારમાં પ્રવેશ કરે છે. આને કારણે દક્ષિણ ચીન વિસ્તારના મહાસાગરમાં પ્રદેશીય અસ્થિરતા આ સંઘર્ષ વધારી શકે છે અને સંભવિત યુદ્ધની સ્થિતિ ઉભી કરી શકે છે. આની સૌથી મોટી અસર વિશ્વ વેપાર પર થશે. દક્ષિણ ચીન સાગર એક મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે અને આ વિસ્તારમાં કોઈપણ સંઘર્ષ વિશ્વ વેપારને પ્રભાવિત કરી શકે છે. આના કારણે મહાસત્તાઓ વચ્ચે તણાવ ચરમ સીમાએ પહોંચશે આ સંઘર્ષ અમેરિકા અને ચીન જેવી મહાસત્તાઓ વચ્ચેના તણાવને વધારી શકે છે.

દક્ષિણ ચીન સાગરનો વિવાદ એક જટિલ અને સંવેદનશીલ મુદ્દો છે. આ સંઘર્ષને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા માટે તમામ પક્ષોએ વાતચીત અને સહકારનો માર્ગ અપનાવવો જરૂરી છે. આંતરરાષ્ટ્રીય સમુદાયે પણ આ મુદ્દા પર દેખરેખ રાખવી જોઈએ અને શાંતિપૂર્ણ સમાધાન માટે પ્રયાસ કરવા જોઈએ. દક્ષિણ ચીન સાગરમાં ચીન સાથે અમેરિકા, જાપાન અને ફિલિપાઈન્સ વચ્ચેનો સંઘર્ષ વધી રહ્યો છે. ચીન લગભગ સમગ્ર દક્ષિણ ચીન સાગર પર પોતાનો દાવો કરે છે અને પોતાના કોસ્ટ ગાર્ડ, નેવી અને લશ્કરી કાફલા સાથે આક્રમક રીતે આ વિસ્તારની રક્ષા કરે છે. ચીની સેનાની ફિલિપાઈન્સ, વિયેતનામ, મલેશિયા અને બ્રુનેઈ સહિતના દેશોની સેનાઓ સાથે અથડામણ થઈ ચૂકી છે. ઈન્ડોનેશિયાનો પણ દક્ષિણ ચીન સાગરના દક્ષિણ કિનારાથી ગેસ સમૃદ્ધ નટુના વિસ્તારમાં માછીમારોને લઈ જતાં ચીની કોસ્ટ ગાર્ડના જહાજો સાથે ઘર્ષણ થયું હતું. ફિલિપાઈન્સ, યુએસ અને તેમના સુરક્ષા ભાગીદાર દેશોનું સંયુક્ત નૌકાદળ પેટ્રોલિંગ આ ક્ષેત્રમાં ઘણાં ટાયફૂન આવવાને કારણે વિલંબિત થયું હતું. આમ દક્ષિણ ચાઈના સાગર એક નવા સંઘર્ષનું એપી સેન્ટર બની રહ્યું છે જે વિશ્વ માટે ચિંતાનું સૌથી મોટું કારણ છે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

**સાદુ વ્યાજ અને ચક્રવૃધ્ધિ વ્યાજ**

વિદ્યાર્થી મિત્રો આપણે અગાઉના હપ્તાઓમાં ટકાવારી વિશે જોઈ ગયા છીએ. તેનો ઉપયોગ વિવિધ પ્રકરણોમાં થાય છે. જે પ્રકરણો આપણે ક્રમશઃ જોઈશું. અહીં આપણે સૌપ્રથમ સાદા વ્યાજ વિશેનો અભ્યાસ કરીશું. સામાન્ય રીતે બધી જ સ્પર્ધાત્મક પરીક્ષામાં આ એકમનો પ્રશ્ન(ક્યારેક એકથી વધુ) હોય છે.

**સમજો અને યાદ રાખો**

સાદુ વ્યાજ અને ચક્રવૃધ્ધિ વ્યાજ બંનેમાં ઉપયોગમાં આવતા કેટલાક પારિભાષિક શબ્દોની સમજૂતી જોઈએ.

- **મુદ્દલ :** બેંક કે શરાફી પેઢી પાસેથી જરૂરિયાત મુજબ લેવામાં આવતી કે મૂકવામાં આવતી રકમને મુદ્દલ કહે છે. મુદ્દલ માટેનો સંકેત P છે.
- **મુદત :** જેટલા સમય(વર્ષ, માસ કે દિવસ) માટે રકમ મૂકવામાં કે લેવામાં આવતી હોય તે સમયગાળાને મુદત કહે છે. મુદત માટેનો સંકેત N અથવા T છે.
- **વ્યાજ :** મુદતને અંતે વ્યકિતએ બેંક કે શરાફી પેઢીને મુદ્દલ ઉપરાંત વધારાની રકમ ચૂકવવાની થતી હોય છે અથવા મળતી હોય છે. આ વધારાની રકમને વ્યાજ કહે છે. વ્યાજ માટેનો સંકેત I છે.
- **વ્યાજનો દર :** બેંક કે શરાફી પેઢીને ચૂકવવું પડતું વ્યાજ કે મળતું વ્યાજ એ ચોક્કસ(નિયત કરેલ) ટકાવારીને આધીન હોય છે. આ ટકાવારીને વ્યાજનો દર કહે છે. તેને સંકેતમાં R વડે દર્શાવાય છે.

દા.ત. વ્યાજનો દર 5% એટલે કે 100 રૂપિયાનું 1 વર્ષનું વ્યાજ રૂ. 5 છે.

- **વ્યાજ મુદ્દલ :** મુદ્દલ અને વ્યાજના સરવાળાને વ્યાજ મુદ્દલ કહે છે. વ્યાજમુદ્દલને 'રાશ' પણ કહે છે. વ્યાજમુદ્દલનો સંકેત A છે.

વ્યાજમુદ્દલ = મુદ્દલ + વ્યાજ , $A = P + I$

સાદુ વ્યાજ અને વ્યાજમુદ્દલ શોધવાનું સૂત્ર

$$\text{સાદુ વ્યાજ} = \frac{\text{મુદ્દલ x વ્યાજનો દર x મુદત}}{100}$$

$$\text{અર્થાત } I = \frac{PRN}{100}$$

જ્યાં P-મુદ્દલ
R- વ્યાજનો દર
N-મુદત(વર્ષમાં)

વ્યાજ મુદ્દલ $A = P + I$

નોંધ : ઉપરના સૂત્રમાં N હંમેશા વર્ષમાં લેવામાં આવે છે. તેથી જો મુદત માસમાં કે દિવસમાં આપેલી હોય, તો તેનું વર્ષમાં રૂપાંતર કરવામાં આવે છે.

જો મુદત માસમાં આપેલી હોય, તો $N = \frac{\text{માસની સંખ્યા}}{12}$

જો મુદત દિવસમાં આપેલી હોય, તો $N = \frac{\text{દિવસની સંખ્યા}}{365}$

જો I, P, R, N પૈકી કોઈપણ ત્રણની કિંમત આપેલી હોય, તો ચોથા અજ્ઞાતની કિંમત નીચેના સૂત્રો દ્વારા મેળવી શકાય.

$$P = \frac{I \times 100}{RN}, \quad R = \frac{I \times 100}{PN}, \quad N = \frac{I \times 100}{PR}$$

હવે વિવિધ પ્રકારના પ્રશ્નો જોઈએ.

ઉદાહરણ-૧ : રૂ. 1200 નું 9 માસ માટે 11% લેખે સાદુ વ્યાજ અને વ્યાજમુદ્દલ કેટલુ થાય ?

ઉકેલ : અહી P= રૂ. 12000 , R=11%, N=9 માસ = $\frac{9}{12}$ વર્ષ I અને A શોધવા છે.

હવે, $I = \frac{PRN}{100} = \frac{12000 \times 11 \times 9}{100 \times 12} = 990$

સાદુ વ્યાજ = રૂ. 990 વ્યાજ મુદ્દલ A = P + I = 12000 + 990 = રૂ. 12990

ઉદાહરણ-૨ : રૂ. 3000 નું વાર્ષિક 12%ના દરે સાદુ વ્યાજ રૂ. 1080 કેટલા વર્ષમાં થશે ?

ઉકેલ : અહી P=રૂ. 3000, R=12%, I= 1080, N=?

હવે, $N = \frac{I \times 100}{PR} = \frac{1080 \times 100}{3000 \times 12} = 3$ વર્ષ

ઉદાહરણ-૩ : 4 વર્ષમાં રૂ. 6000નું વ્યાજમુદ્દલ રૂ. 8000 જે દરે થાય છે. તે જ દરે રૂ. 525નું વ્યાજ મુદ્દલ રૂ. 700 કેટલા સમયમાં થશે ?

ઉકેલ : અહીં 4 વર્ષમાં રૂ. 6000નું વ્યાજમુદ્દલ રૂ. 8000 થાય છે. એટલે કે 4 વર્ષનું રૂ. 6000નું સાદુવ્યાજ 8000-6000=2000 છે.

હવે, P= રૂ. 6000, R=?, N=4, I= રૂ. 2000

$R = \frac{I \times 100}{PN} = \frac{2000 \times 100}{6000 \times 4} = \frac{25}{3}$ %

હવે, વાર્ષિક $\frac{25}{3}$ %નાં દરે રૂ. 525નું વ્યાજમુદ્દલ રૂ. 700 થાય છે.

તેથી વ્યાજ 700-525=175

હવે, P= રૂ. 525, R= $\frac{25}{3}$ %, I= રૂ. 175, N=?

$N = \frac{I \times 100}{PR} = \frac{175 \times 100}{525} \times \frac{3}{25} = \underline{4}$ વર્ષ

ઉદાહરણ-૪ : જો કોઈ એક રકમ સાદા વ્યાજે 2 વર્ષમાં રૂ. 2090 અને 4 વર્ષમાં રૂ. 2280 થતી હોય, તો વ્યાજનો દર શોધો.

ઉકેલ : 2 વર્ષમાં રૂ. 2090 થાય છે. 4 વર્ષમાં રૂ. 2280 થાય છે.

તેથી 2 વર્ષમાં સાદુવ્યાજ 2280-2090=રૂ. 190 થયું.

તેથી 1 વર્ષનું સાદુ વ્યાજ $\frac{190}{2}$ = રૂ. 95

હવે, રકમ સાદા વ્યાજે 2 વર્ષમાં રૂ. 2090 થાય છે.

તેથી રૂ. 2090 વ્યાજમુદ્દલ થયું.

તેથી મુદ્દલ P=2090-190=રૂ. 1900

હવે, P=રૂ. 1900, R=?, N=1 વર્ષ, I=રૂ. 95

$R = \frac{I \times 100}{PN} = \frac{95 \times 100}{1900 \times 1} = 5\%$

ઉદાહરણ-૫ : કોઈ રકમ સાદા વ્યાજે 8 વર્ષમાં બમણી થાય છે. તો વ્યાજનો દર કેટલો હશે ?

ઉકેલ : ધારોકે તે રકમ રૂ. 100 છે.

8 વર્ષમાં રકમ બમણી થાય છે. એટલે કે રૂ. 200 થાય છે.

તેથી 8 વર્ષનું સાદુ વ્યાજ રૂ.(200-100)=રૂ. 100 થયું.

તેથી 1 વર્ષનું સાદુ વ્યાજ = $\frac{100}{8}$ = 12.5

અહીં મુદ્દલ રૂ. 100 છે. અને 1 વર્ષનું સાદુ વ્યાજ 12.5 છે. તેથી વ્યાજનો દર R=12.5 %

ઉદાહરણ-૬ : કોઈ એક રકમનું 5 વર્ષનું સાદુ વ્યાજ તે રકમના $\frac{2}{5}$ જેટલું થાય છે તો વ્યાજનો દર શોધો.

ઉકેલ : ધારોકે રકમ રૂ. X છે.

5 વર્ષનું સાદુ વ્યાજ તે રકમ એટલે કે Xના $\frac{2}{5}$ ભાગ જેટલું થાય છે.

એટલે કે 5 વર્ષનું સાદુ વ્યાજ $I = X \times \frac{2}{5} = \frac{2X}{5}$

હવે, P = રૂ. X, R= ?, N= 5, I= $\frac{2X}{5}$

$R = \frac{I \times 100}{PN} = \frac{2X}{5} \times \frac{100}{X \times 5}$

= 8 %

**કારકિર્દી માર્ગદર્શન**
- અમરેલી ગણિત વર્તુળ
સૂર્યકાંત પાઠક
મો. ૯૪૨૭૫ ૦૫૧૦૭

# "સ્વસ્થ રહો, મસ્ત રહો !" વાળા મજેદાર વાક્યો, વાંચીને ફ્રેશ કરી દે !




જીવનમાં સુખી હોવું એટલે ખુશ રહેવું. અને ખુશ રહેવા માટે માત્ર ભૌતિક સંપત્તિ જ જરૂરી નથી. માણસના જીવનની પાયાની જરૂરિયાત તો માત્ર ત્રણ જ વસ્તુ છે. રોટી, કપડાં અને મકાન. અને આ ત્રણ વસ્તુ જેને મળી હોય એ લોકો ખરેખર સુખી હોવા જોઈએ. પણ હકીકત કૈંક જુદી જ જોવા મળે છે. આ ત્રણ વસ્તુને વધુ વૈભવી બનાવવા માટે અથવા તો એમાં એકબીજાની સરખામણી કરવાથી દરેક માણસ હમેશા પોતાનાથી વધુ સગવડ ધરાવતા લોકોની સ્થિતિ સુધી પહોંચવા માટે સતત વલખાં મારે છે અને આ સરખામણીનો અંત ક્યારેય આવતો જ નથી. કેમકે દુનિયામાં ગરીબથી માંડીને અમીર સુધીની કેટેગરીના માપદંડ જુદા જુદા છે. દરેક વર્ગમાં વળી પાછા ત્રણ પ્રકાર પડે છે. એટલે માણસ પહેલી સરખામણી પોતાના ભાઈઓ સાથે કરે છે. ત્યારબાદ પાડોશી અને પછી સગા સંબંધી અને મિત્રોના સ્ટેટસ સાથે મનોમન સરખામણી કરતા હોય છે. આપણી પાસે કેટલું છે એના કરતાં બીજા કરતા કેટલું ઓછું છે એ વધુ ખટકે છે એટલે ગમે એટલું હોવા છતાં સતત કૈંક ખૂટે છે એવો વસવસો આ સરખામણી અને હરીફાઈના કારણે દરેકના મનમાં રહ્યા કરે છે. પરિણામે દોડાદોડીમાં જે મળ્યું છે એ ભરપૂર માણી શકતા નથી અને જે બીજાનું દેખાય છે એ મેળવવા મથામણ કરતા હોય છે. આ માનવ સ્વભાવની એક સહજ લાલચ છે. એમાં કોઈ બાકાત રહી શકતું નથી. હા અમુક સંતોષી જીવડાં હોય છે જે દુનિયાની પરવા કર્યા વિના પોતાને જે મળ્યું હોય તે ભરપૂર માણીને મોજ કરતા હોય છે. પણ જગત એને ધૂની કે ગાંડા ગણતા હોય છે. હકી કતમાં એજ મનથી સુખી અને મોજી હોય છે. "પહેલું સુખ તે જાતે નર્યા" એ વાત સામાન્ય રીતે સુખ માટે સર્વસામાન્ય માન્યતા છે. પણ નિરોગી હોય એને રોગના દર્દનો અહેસાસ ના હોય એટલે એને પોતાના નીરોગીપણાનું મહત્વ સમજાતું નથી. રોગ થાય પછી એમ થાય કે બીજું કઈ પાસે ના હોય તો ચાલે પણ તંદુરસ્તી હોય તો સુખેથી રહી શકીએ. એવી જ રીતે પારિવારિક સુખ પણ ખૂબ મહત્વનું છે. પરિવારના બધા સભ્યો એકબીજાને સમજી શકે એવા હોય તો ભૌતિક પરિસ્થિતિ ગમે તેવી હોય બધા આનંદ કિલ્લોલથી જ રહેતા હોય છે. માણસ સમાજમાં સારો દેખાવ કરવા ઘણી બધી અંગત ખુશીઓના ભોગે ક્યાંક ને ક્યાંક ઘસડાતો હોય છે. મોટા સુખની મહેચ્છામાં કેટલીક નાની નાની અમૂલ્ય ખુશીઓ ગુમાવવી પડતી હોય છે. આ બધા સમીકરણો વચ્ચે પણ એક મહત્વની અને મસ્ત મજાની વાત એ છે કે ખુશ થવા માટે કે ખુશ રહેવા માટે માત્ર સાધન સંપત્તિ જરૂરી નથી પણ કેટલાક સારા શબ્દો કે વાક્યો વાંચવાથી કે સાંભળવાથી આપણે ખુશ થઈ શકીએ છીએ. એટલે જ લોકો પોતાના વાહનમાં, ઘરમાં કે ઓફિસમાં સુવિચારો લખાવતા હોય છે. આવા રત્ન કણિકા જેવા શબ્દોનો સમૂહ આપણને કોઈ જાતના ખર્ચ વિના, જોખમ વિના, જવાબદારી વિના ખૂબ ખુશી, આનંદ અને મોજ આપતા હોય છે. એમાંય જ્યારે ધંધાને અનુરૂપ પ્રાસ મળતા અને સારો બોધ આપતાં આવા સુવાક્યો વાચવા મળે ત્યારે ખરેખર મોજના તોરા છૂટતા હોય છે. તો ચાલો આવા કેટલાક ચુનંદા શબ્દોની મજા માણીએ.




- વાળ કાપવાની દુકાન માં વાંચ્યું, "અમે તમારા દિલનો નહી, પણ માથાનો બોજો જરુર હલકો કરીશું"
- લાઇટની દુકાનમાં લખ્યું હતું, "તમારા દિમાગની બત્તી ભલે ન થાય પણ અમારો બલ્બ જરુર સળગશે"
- ચા વાળાએ પાટીયું મુક્યું હતું, "હું ભલે સાધારણ છું પણ ચા સ્પેશિયલ બનાવું છું"
- એક હોટલમાં લખ્યું હતું, "અહી ઘર જેવું ખાવાનું નથી મળતું ખચકાટ વગર પધારો"
- એક ઇલેક્ટ્રોનિકની દુકાનમાં લખ્યું હતું, " તમારો કોઇ ફેન નથી ? વાંધો નહી અહીંથી એક લઇ જાવ"
- પાણી પુરી વાળાએ પાટીયું મુક્યું હતું, " દિલ મોટું નહી હોય તો ચાલશે, મોઢું મોટું રાખો અને આખું ખોલો"
- એક ફળ વાળાએ તો હદ કરી, "તમે ફક્ત કર્મ કરો ફળ અમે આપીશું"
- ઘડિયાળ વાળાએ તો ગજબ કરી, "ભાગતા સમયને કાંડે બાંધો અથવા દિવાલ પર લટકાવો"
- જ્યોતિષી તો એકતા કપૂરનો ચાહક નીકળ્યો, "ફક્ત ૧૦૦ રૂ. માં તમારી જીંદગીના આવનાર એપિસોડ જાણો"
- વાળના તેલની કંપનીએ એની બોટલ પર લખાવ્યું, "ભગવાન જ નહીં અમે પણ તમારો વાળ પણ વાંકો નહીં થવા દઇએ"

જેની પાસે શબ્દોની જાગીર છે એને બીજી જગીરની માત્રાનો બહુ ફરક પડતો નથી. હોય તો ભી ખુશ, ઘટે તો ભી ખુશ, વધે તો ભી ખુશ. હર હાલમાં ખુશ રહો.

સ્વસ્થ રહો, મસ્ત રહો!

# ઓછીયાળી જીંદગી નહિ સ્વમાનભેર સ્વરોજગારી








આજના સમયમાં રોજગારી માનભેર મેળવવી એ સૌથી મોટી સમસ્યા છે. ત્યારે બે રોજગારીના આંસુ પાડવા કરતા રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા સખી મંડળો ઉભા કરીને સ્વમાનભેર રોજગારી આપવાનો સફળ પ્રયત્ન થઈ રહ્યા છે. આમાં પણ અધિકારીઓની મિલીભગત અને કાગળ ઉપર ચાલતા સખી મંડળો કે સેલ્ફ હેલ્થ ગૃપો કે પછી ખેડૂતો માટેના એફ.પી.ઓ. આત્મા દ્વારા ફાર્મસ કલબ નિષ્ફળ રહ્યા છે. બે પગવાળા ઉંદરો સરકારની મદદની ગ્રાન્ટો ચાવ કરી જાય છે.

આ બધા વચ્ચે ખારા જળમાં મિઠી વિરડી સમાન પણ સ્વરોજગારીની પરિવારભાવ સાથે યોજનાઓ સફળ બની રહી છે. સ્વમાન વેચીને માન મેળવવાની લાઈનો કરતા માનભેર વ્યવસાય કરી સ્વમાન મેળવી શકાય છે. એવી અનેક સફળતાઓની યશગાગાથાઓ રહેલી છે.

ભગવાન દ્વારકાધીશની ધર્મની ધજાઓ ફરકે છે. એવા દેવભૂમિ દ્વારકા જિલ્લો ખેતી અને દરિયાઈ વ્યવસાય સાથે જોડાયેલ છે. હા મોટી-મોટી મહાકાય ઈન્ડસ્ટ્રીઝ હોવા છતાં પણ બધાને રોજગારી મળે છે એવું નથી. મહિલાઓ પગભર બને અને પરિવારના બાળકોને સારૂં શિક્ષણ આપી શકે એ માટે સ્વરોજગારલક્ષી યોજના એટલે સખી મંડળ. ઓછો અભ્યાસ, પરિવારની જવાબદારી, ખેતી અને પશુપાલન માટે વહેલા ચાર વાગ્યે ઉઠીને કામે લાગવું પડે, રાત્રે બધા પરિવારના લોકો સુઈ જાય પછી માંડ ઘરકામમાંથી પરવારી આંખ વિચવાનો સમય મળે.

આમાં બાળકોના શિક્ષણ માટે સમયની તો વાત જ કયાં રહી ?




છતાં પણ મહિલાઓ સતત ઝઝુમતી રહી છે તે પૈકીના છે શકિતનગર ખંભાળિયાના પુરીબેન અમરાભાઈ મુંધવા માત્ર ચાર ચોપડી અભ્યાસ, ત્રણ દીકરી અને ૧ દીકરો સંયુકત પરિવારની જવાબદારીઓ વચ્ચે બહેનોને મદદરૂપ થવા માટે જય આદ્યશક્તિ સખી મંડળની રચના ૨૦૧૩માં ૧૦ બહેનોએ સાથે મળીને કરી. દર મહિને ૧૦ બહેનોની મિટિંગ મળે રૂા.૫૦થી બચતની શરૂઆત કરી અને બાદમાં દર મહિને રૂા.૧૦૦ બચત કરીને ૧,૩૦,૦૦૦ જેવી બચત ઉભી કરી છે.

બેન્કના માધ્યમથી સી.સી. લોન લઈને બહેનોને આંતરીક ધિરાણ કરવામાં આવે છે. જેના હિસાબે ઘરેણા ગીરવે મુકવા કે ઉંચા વ્યાજ ના ચુકવવા પડે.

તાજેતરમાં જિલ્લા વહિવટીતંત્રના સહકાર અને પ્રોત્સાહનથી સખી મંડળના માધ્યમથી જિલ્લા પંચાયત કચેરી ખાતે કેન્ટીન શરૂ કરવામાં આવી છે. જેમાં ચા-પાણી, નાસ્તો અને બપોરે ભોજન અપાય છે. આજે લોકો જમવા માટે કેન્ટીનનો ઉપયોગ સારી રીતે કરી રહ્યા છે. ઉપરાંત આ સખી મંડળનાં માધ્યમથી કલેકટર કચેરીમાં ચા-પાણી અને નાસ્તાની કેન્ટીન ચાલુ કરવામાં આવશે. આજે આ સખી મંડળની બહેનો કેન્ટીનમાં ચા-રસોઈ બનાવે છે અને મહિને ૭ થી ૮ હજાર રૂપિયા મેળવે છે.

પુરીબહેનની કામગીરી આટલેથી પુરી થતી નથી. ગામની બીજી બહેનોને સંગઠીત કરીને બીજા ત્રણ ગૃપો પણ બનાવવામાં આવ્યા છે. મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે અને રોજગારલક્ષી તાલીમો આપવામાં આવે છે. સમય અને પરિસ્થિતિઓને થપાટ મારીને આજે બહેનો આત્મ સન્માન સાથે પગભર બની રહી છે. **પુરીબેન મુંધવાનો સંપર્ક :- ૯૦૧૬૪ ૧૦૮૯૩**

**-:: તિખારો ::-**

**આથમતી સંધ્યાએ કોઈએ મને પુછયું. લાગણી, વફાદારી પછી દગાના દર્દની કિંમત શું ? મે હસતા કહ્યું દોસ્ત બધા મને મફત આપી જાય છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી.આર.ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોન: ૯૨૭૫૭ ૦૮૩૪૨

» **ઘઉં:**

● મલ્ટી માઈક્રોન્યુટ્રીયન્ટ મિક્ષર ગ્રેડ ૪ નો છંટકાવ વાવણી પછી ૩૦, ૪૫ અને ૫૦ દિવસે ઉભા પાકમાં ૧ % નો છંટકાવ કરવો.



● ઘઉંમાં નિંઘલ અથવા દુધિયા ધાણા બેસે ત્યારે ૫૦ ગ્રામ / ૧૦ લિટર પાણીમાં ઝીંક સલ્ફેટના બે છંટકાવ કરવાથી ફાયદો થાય છે.

● અનાવૃત અંગારીયાના લક્ષણોમાં ઘઉંમાં ડુંડી આવે ત્યારે જ રોગના ચિન્હો જોવામાં આવે છે.

● રોગગ્રસ્ત ડુંડીમાં દાણાની જગ્યાએ કાળી ભૂકી જોવા મળે છે, આ ભુકી ફુગના સુક્ષ્મ બીજાણું છે.

● અનાવૃત અંગારીયાના નિયંત્રણ માટે ખેતરમાં રોગિષ્ટ છોડ દેખાતાની સાથે જ નાશ કરવો.

» **દિવેલા :**

● ઘોડીયા ઈયળ અને પાન ખાનારી ઈયળ (સ્પોડોપ્ટેરા)નાં નિયંત્રણ માટે બેસિલસ થુરીન્જીન્સીસ નામના રોગપ્રેરક જીવાણુંનો પાઉડર ૨૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી બીજી કે ત્રીજી અવસ્થાની ઘોડીયા અને પાન ખાનારી ઈયળો જોવા મળે ત્યારે છંટકાવ કરવો.

● ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા કિવનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. અથવા ડાયમીથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

» **કપાસ :** કપાસના પાકમાં ૫૦ ટકા ફુલ અથવા ૫૦ ટકા જીંડવાના સમયે પાન પીળા અને લાલ થઈ જતા હોય છે. પાછલી અવસ્થામાં પોષક તત્વોની ઉણપના લીધે ઘણીવાર આવું બનતું હોય છે. ત્યારે પોષક તત્વોની પૂર્તિ કરવા બજારમાં મળતા ૧૯-૧૯-૧૯ (ના.ફો.પો.) એક પંપમાં ૧૦૦ ગ્રામ અને માઈક્રોમીક્સ (ગ્રેડ - ૪) ૨૫ ગ્રામ નાખી બે થી ત્રણ વાર છંટકાવ કરવાથી, ત્રણ વખત 3% પોટેશીયમ નાઈટ્રેટનો છંટકાવ કરવાથી પાન પીળા / લાલ થતા અટકાવી શકાય. કપાસના પાકનું ઉત્પાદન વધારી શકાય છે.

» **અર્ધ શિયાળુ બાજરી :** બાજરામાં આવતાં ગેરુંના અસરકારક નિયંત્રણ માટે ૦.૨ ટકા મેન્કોઝેબ અથવા ૦.૨ ટકા ઝાયનેબનાં બે છંટકાવ કરવાથી રોગની શરુઆતથી ૧૫ દિવસનાં અંતરે ભલામણ કરવામાં આવે છે. બાજરીના પાકનું વહેલુ વાવેતર કરવાથી ઉપરોક્ત ઉપદ્રવ મહદઅંશે ઘટે છે.

» **રાઈ:** રાઈની માખીનાં ઉપદ્રવની શરૂઆતમાં લીંબોળીનું તેલ ૫૦ મિ.લિ. અથવા લીમડા આધારીત તૈયાર દવા ૨૦ (૧ ઈસી) થી ૪૦ (૦.૧૫ ઈસી) મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો તેમ છતાં ઉપદ્રવ કાબૂમાં ન આવે તો ક્વિનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં અથવા ભુકીરૂપ કીટકનાશક દવા કાર્બારિલ ૧૦ % અથવા ક્વિનાલફોસ ૧.૫ % અથવા ક્લોરપાયરીફોસ ૧.૫ % પ્રતિ હેક્ટરે ૨૦ થી ૨૫ કિ.ગ્રા. પ્રમાણે છંટકાવ કરવો.



» **વરીયાળી :** પાનનો સુકારોના નિયંત્રણ માટે રોગ વધુ જોવા મળે તો અસરગ્રસ્ત છોડના થડની આસપાસ તાંબાયુક્ત દવાનું (કોપર ઓક્સિક્લોરાઈડ) ૦.૨% નું દ્રાવણ બનાવી થડની આસપાસ મૂળ ભીંજાય તે રીતે છાંટવું.

» **બટાકા :** છંટકાવ મિક્ષર ગ્રેડ – ૨ નો વાવણી પછી ૪૦, ૫૦ અને ૬૦ દિવસે ઉભા પાકમાં ૧ % નો છંટકાવ કરવો.

» **લસણ અને ડુંગળી મૂળનો ગુલાબી સડો :**

» **લક્ષણો :** લસણ અને ડુંગળીના મૂળનો ગુલાબી સડો એક પ્રકારની ફૂગ ફ્યુઝેરીયમથી થાય છે.

● રોગકારકનો ચેપ મૂળ દ્વારા લાગે છે. નબળા અને ઈજાગ્રસ્ત મૂળમાં રોગનો ચેપ વધુ લાગે છે. તેથી મૂળ સડી જાય છે. કંદમાં પણ ચેપ લાગે છે તેથી પોષક તત્વો અને પાણી કંદને ન મળવાથી ચીમળાઈને સડી જાય છે. આ રોગ પાણી મારફ્ત એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેલાય છે. તાપમાન વધવાથી આ રોગની તીવ્રતા વધે છે. ઘણી વખત ગુલાબી મૂળ ભૂખરા થઈ ચીમળાઈને નાશ પામે છે. નવા ફુટતા મૂળ પણ રોગીષ્ટ થઈ સડી જાય છે. સામાન્ય રીતે પાન પર આ રોગના કોઈ લક્ષણ જોવા મળતા નથી પણ કંદ / ગાંઠીયાનું કદ નાનું રહે છે. છતાં વધુ પ્રમાણમાં રોગ લાગેલ હોય તો પાનની ટોચ સફેદ, પીળી પડી જાય છે.

» **જીરુમાં સુકારો:**

● આ રોગ જમીનજન્ય ફુગ ફ્યુઝેરીયમ ઓક્ઝીસ્પોરમ ફોર્મા સ્પીસીસ ક્યુમીનીથી થાય છે.

● જીરુનો છોડ પાણીની તાણ પડે ને લંઘાય તેમ રોગકારક ફુગના ચેપને લઈને છોડ લંઘાય, પાણી આપેલમાં પણ છોડ લંઘાય છે. આ તંદુરસ્ત લાગતા છોડના અચાનક ઉપરના કુણા ડોકા, કુમળી ડાળીઓ બીજા દિવસે નમી પડે છે. સામાન્ય રીતે ૨૫ – ૩૦ દિવસના છોડ થાય ત્યારે આ રોગ દેખાય છે. રોગનો ચેપ લાગેલ છોડ ત્યારબાદ સુકાઈ જાય છે. રોગની શરૂઆત ખેતરમાં કુંડી – ગુંડીઓમાં જોવા મળે છે. જે ધીમે ધીમે વધારે વિસ્તારમાં પ્રસરે છે. રોગિષ્ટ છોડમાં દાણા બેસવાનો પ્રશ્ન જ નથી, બેસે તો દાણાનો વિકાસ થતો નથી, તેથી દાણા ચીમળાયેલા, વજનમાં હલકા, ઉતરતી ગુણવત્તાના હોયછે.



● ટ્રાયકોડર્મા વીરીડી અથવા ટ્રાયકોડર્મા હરજીયાનમ સંવર્ધિત છાણીયુ ખાતર ૧૦ ટન/હે. અથવા રાયડાનો ખોળ અથવા પોલ્ટ્રી ખાતર ૨.૫ ટન/હે. આપવાથી રોગના પ્રમાણમાં ઘટાડો થાય છે.

● સંરક્ષણત્મક પગલાં રૂપે વાવણી બાદ ૪૫ દિવસે ૩૦૦ મેશ ગંધકની ભૂકી ૨૫ કિ.ગ્રા. / હેક્ટરે પ્રમાણે સવારમાં છોડ ઉપર ઝાકળ હોય ત્યારે છંટકાવ કરવો.

● રોગ દેખાય કે તરત જ ઉપર જણાવ્યા પ્રમાણે ૧૫ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા.

» **મરચી / ટામેટા : કોકડવા:** કાર્બોફ્યુરાન ૩ જી દવા ૫ ગ્રામ / છોડ રીંગ પદ્ધતિથી આપવી.

● ધરૂ નાખતાં પહેલા કાર્બોફ્યૂરાન ૩ જી દવા હેકટરે ૧.૫ કિ.ગ્રા. સક્રિયતત્વ પ્રમાણે જમીનમાં આપી ધરું તૈયાર કરવું.

● કાર્બોફ્યુરાન ૩ જી દવા ૫ ગ્રામ / છોડ રીંગ પદ્ધતિથી આપવી.

● રોગની શરૂઆત થાય ત્યારે ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા ઈમીડાક્લોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લિ. અથવા ડાયફેન્થ્યુરોન ૫૦ ટકા વે.પા. ૧૦ લિટર પાણીમાં ગ્રામ ભેળવી છંટકાવ કરવો.

● રોગનો ફેલાવો સફેદ માખીથી થતો હોવાથી તેના નિયંત્રણ માટે મરચીના પાકમાં ફેનપ્રોપેથ્રીન ૩૦ ઈસી ૩.૪ મિ.લિ. અથવા પાયરીપ્રોક્ષીફેન ૧૦ ઈસી ૧૬.૬૭ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણી તેમજ ટામેટીના પાકમાં સાયાન્ટ્રાનિલીપ્રોલ ૧૦.૨૬ ઓડી ૧૮ મિ.લિ. અથવા ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લિ. અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસસી ૧૨.૫ મિ.લિ. અથવા થાયામેથોક્ઝામ ૨૫ ડબ્લ્યુજી ૪ ગ્રામ અથવા ઈમિડાક્લોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.



● જમીનમાં પૂર્તિ માટેનો મિક્ષર ગ્રેડ – ૫ ૨૦ કિ.ગ્રા. / હે. મુજબ પાયાના ખાતર સાથે આપવો.

ડુંગળી, રીંગણ, મરચી અને ટમેટીનું એક ગુંઠા ધરૂવાડીયાના વિસ્તાર માટે :

● ૫૦ થી ૭૦ કિ.ગ્રા. છાણીયું કે ગળતીયું ખાતર અથવા ૧૦ કિ.ગ્રા. દિવેલીનો ખોળ

● ૫૦૦ ગ્રામ નાઈટ્રોજન, (એમોનિયમ સલ્ફેટ ૨.૫ કિલો)

● ૫૦૦ ગ્રામ ફોસ્ફરસ (ડીએપી ૧.૦ કિલો) ગાદી કયારા તૈયાર કર્યા બાદ બીજની વાવણી પહેલા પુંખીને પંજેઠી મારી જમીન સાથે ભેળવી દેવું.

● બીજના ઉગાવા બાદ ૧૫ થી ૨૦ દિવસ પછી ૫૦૦ ગ્રામ નાઈટ્રોજન એમોનિયમ સલ્ફેટના રૂપમાં આપવું.

● ધરૂવાડીયાની જમીનમાં ઝીંક અને લોહતત્વની ઊણપ જણાતી હોય છે માટે એક ગુંઠામાં ૪૦૦ ગ્રામ ફેરસ સલ્ફેટ, ૨૦૦ ગ્રામ ઝીંક સલ્ફેટ અને ૧૦૦ ગ્રામ બોરેક્ષને જમીન તૈયાર કરતી વખતે પાયામાં આપવું.

» **મરી મસાલાના પાકો :** મરી મસાલાના પાકો (વરીયાળી, જીરુ, ધાણા, મેથી, સુવા અને અજમો)માં કથીરીના નિયંત્રણ માટે સ્પાયરોમેસીફેન ૧૦ મિ.લિ. અથવા ફેનાઝાક્વીન ૧૦ ઈ.સી. ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

» **તમાકુ:** તમાકુ આણંદ-૨ અને જીટીએચ-૫ નું વાવેતર કરો.

» **ચણા:** યુરીયાનો છંટકાવ બિન પિયત ચણામાં ફૂલ બેસતી વખતે પ્રથમ અને તેના ૨૦ દિવસો પછી ૨ % યુરીયા દ્રાવણનો બીજો છંટકાવ કરવાથી ઉત્પાદન વધે છે.

● ચણામાં પિયત (૧) ઓરવીને વાવ્યા પછી ૨૦ દિવસે (૨) ફુલ બેસતી વખતે (૩) પોપટા બેસતી વખતે અને (૪) દાણા ભરાતી વખતે આપવું.

● પોપટા કોરી ખાનાર ઈયળના નિયંત્રણ માટે ક્લોરાન્ટ્રાનીલીપ્રોલ ૩ મિ.લિ. અથવા ફ્લુબેન્ડિયામાઈડ ૩ મિ.લિ. અથવા ફ્લુબેન્ડીયામાઇડ ૩ મિ.લિ. અથવા ફેનવાલરેટ ૨૦ ઈસી ૧૦ મિ.લિ. / ૧૦ લિટર પાણીમાં નાખી પ્રથમ છંટકાવ ૫૦ % ફુલ અવસ્થાએ અને બીજો છંટકાવ પ્રથમના ૧૫ દિવસે કરવો.

● લીલી ઈયળ, આ જીવાત પાન, કુણી કુપણો અને પોપટા કોરી ખાય છે. એના નિયંત્રણ માટે ફેરોમેન વીઘે ૧ મુકવું. રાસાયણિક દવાઓમાં પ્રોફેનોફોસ ૨૦ મિ.લિ. અથવા ઈમાંમેકટીન બેન્ઝોએટ ૨ ગ્રામ અથવા ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ ૨ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી ફુલ બેસે ત્યારે અને પછી ૧૫ દિવસ બાદ ફરીથી છંટકાવ કરવો.

# કૃષિ ક્ષેત્રે પાક સંરક્ષણમાં બાયોટેકનોલોજીની ઉપયોગીતા

ડો.રિશી કે. કાલરીયા, ડો.હિરેન વી. પટેલ,
ડો વિપુલકુમાર સી. ગઢીયા,
એગ્રીકલ્ચર કોલેજ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી,
મોટા ભંડારીયા, અમરેલી

» જુદા જુદા પરિબળો પાકના ઉત્પાદનને અસર કરતાં હોય છે. જેમાં જીવતો એક અગત્યનું પરિબળ છે. જેના નિયંત્રણ માટે ખેડૂતમિત્રો જુદી જુદી જંતુનાશક દવાઓનો વધુ પડતો ઉપયોગ કરે છે. જેના પરિણામે જીવાતોમાં જંતુનાશક દવાઓ સામે પ્રતિકારક શક્તિ વિકસાવવી, જીવાતોનો પુનઃપ્રકોપ થવો, જીવાતોના પરજીવી/પરભક્ષીઓનો અને પરાગનયનમાં ઉપયોગી કિટકોનો નાશ થવો, ખાદ્ય પદાર્થો પર જંતુનાશક દવાઓના ઝેરી અવશેષો રહી જવાની સાથે સાથે વાતાવરણમાં પ્રદૂષણ જેવા જટિલ પ્રશ્નો ઊભા થયા છે. જેના નિરાકરણ માટે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા સંકલિત કીટ નિયંત્રણ અથવા સંકલિત જીવાત નિયંત્રણ પધ્ધતિ વિકસાવવામાં આવેલ છે. આ પધ્ધતિમાં જીનેટીક એન્જીનીયરીંગ થકી આનુવંશિક રીતે સંશોધિત પાક (જીએમ પાક)નો ઉપયોગ કરી જીવાતોનું નિયંત્રણ કરવામાં આવે છે.

» **જીનેટીક એન્જીનીયરીંગ (જનીનીક ઈજનેરી)**

આ એક એવી પ્રક્રિયા છે જેમાં પ્રયોગશાળામાં જુદી જુદી પધ્ધતિઓનો ઉપયોગ કરીને જીવતંત્રના કોષ (DNA)ના બંધારણને બદલવામાં આવે છે. પ્રવર્તમાન તમામ ખેતી પાકોની રૂઢીગત પરંપરાગત પાક સુધારણાની રીતોમાં ઘણી બધી મુશ્કેલીઓ છે. જેને કારણે હઠીલી રોગજીવાત સામે નવી પ્રતિકારક જાતો વિકસાવવાનું, પાકની ગુણવત્તા સુધારવાનું અને ચોકકસ હેતુવાળા પાક–સુધારણા કાર્યક્રમો અટકી પડયા છે. પરિણામે છેલ્લા વર્ષોમાં પાકોની ઉત્પાદકતા એક સ્થિર કક્ષાએ આવી ગઈ છે. આ પધ્ધતિથી જરૂરીયાત મુજબનું કોઈપણ લક્ષણ એક છોડમાંથી બીજા છોડ અથવા પ્રાણીમાંથી વનસ્પતિમાં ફેરબદલી કરવાની ઉજ્જવળ તકો રહેલી છે. આવા કૃત્રિમ રીતે જનીનની ફેરબદલી પુનઃગોઠવણી દ્વારા તૈયાર કરેલ છોડને " ટ્રાન્સજેનીક છોડ " તરીકે ઓળખવામાં આવે છે. આ ટ્રાન્સજેનીક છોડનાં ઉપયોગ દ્વારા



નીંદામણ નિયંત્રણ રસાયણો, કીટક, વિષાણું સામે પ્રતિકારકતા ધરાવતાં છોડ, તેલીબિયાં પાકોમાં એસિડનું પ્રમાણ બદલવું, ઈચ્છા મુજબ ફળ પકવવા, ફુડ પ્રોસેસીંગ અને સંકર જાતોનાં બિયારણ વિકસાવવા ખૂબ જ સહેલું થઈ રહયું છે. આ રીતે બાયોટેકનોલોજીની અમર્યાદિત ક્ષમતાનો આપણાં ખેતી પાકોનાં પ્રશ્નો ઉકેલવામાં ઉપયોગ કરી સિધ્ધિઓ હાંસલ કરી શકાય તેમ છે.

» **કૃષિ ક્ષેત્રે બી.ટી. બિયારણો બીટી એટલે શું ?**

બીટી એ એક પ્રકારના બેકટેરિયા, બેસિલસ થુરીનજીયન્સીસ (Baccillus thuringiensis) છે. જે તેના સ્પોરૂલેશન દરમ્યાન એક પ્રકારનું પ્રોટીન પેદા કરે છે. આ પ્રોટીન પાકને નુકસાન કરતી મોટા ભાગની જીવાત માટે ખૂબ જ ઝેરી પુરવાર થયેલ છે. આ બેકટેરિયા સૌ પ્રથમ બર્લિનરે ૧૯૧૫ માં જર્મનીના થુરીન્જીયા પ્રદેશમાંથી શોધ્યા હતા. આ બેકટેરિયામાં આ પ્રકારનું ઝેરી પ્રોટીન પેદા કરતા જનીન શોધી કાઢી તેને છુટું પાડી જુદા જુદા પાકો જેવા કે કપાસ, તમાકુ, મકાઈ વિગેરેમાં દાખલ કરવામાં આવ્યું. જેથી આ પ્રકારનું પ્રોટીન પાકના છોડમાં જ ઉત્પન્ન થાય છે અને તેની ઉપર જીવાતનો ઉપદ્રવ નહીંવત જોવા મળે છે. બીટી એક પ્રકારનું ઝેરી તત્વ (Endotoxin) પેદા કરે છે. તેને (Cry) પ્રોટીન પણ કહે છે. આ પ્રકારનું પ્રોટીન જયારે ઈયળ ખાય છે ત્યારે તેના મોં વાટે તેના પેટમાં પ્રવેશે છે. જઠરની અલ્કતાને કારણે તે સક્રિય થાય છે અને જઠરની અંદરની દિવાલમાં નકકી જગ્યાએ તે જોડાય છે ત્યારબાદ જઠરના કોષોમાં (Ion channel) અથવા છિદ્ર (Pore) કરે છે. જેથી તે કોષની દિવાલની સામાન્ય કામગીરીને અસર થાય છે. આ નુકસાનને કારણે જઠરને લકવા જેવી પરિસ્થિતિ પેદા થાય છે. તેની અસર પામેલ ઈયળ ખાવાનું બંધ કરી દે છે અને હલનચલન કરી શકતી નથી. ભુખ તથા પેશીના નુકસાનને કારણે મરણ પામે છે. તેનું ઉસ્વેદન (Excr$^a$a) પાણી જેવું થઈ જાય છે. માથાનો ભાગ શરીર કરતા મોટો થઈ જાય છે અને શરીર ઘેરૂ કાળુ થઈ જાય છે.

» **પાક સંરક્ષણમાં બીટીની ભૂમિકા** બીટી જીવંત જંતુનાશક (Bio pesticide) તરીકે હાલ બીટી સૌથી વધુ વપરાતું જીવંત જંતુનાશક છે. એકલા અમેરિકામાં ૨૦૦ થી પણ વધુ બીટીના ઉત્પાદનો નોંધાયેલા છે. ભારતમાં પણ કેટલીક કંપનીઓએ ડેલ્ફિન, ડાયપેલ, બાયોબિટ, બાયોલેપ જેવી બજારૂ નામ સાથે ખેડૂતોના ઉપયોગ માટે બજારોમાં મુકેલ છે. અત્યારની વાતાવરણની પ્રદૂષણની સ્થિતિમાં બીટીના ઉત્પાદનનો છંટકાવ ફાયદાકારક માલુમ પડેલ છે. બીટીના ઝેરી પ્રોટીનને અલગ તારવી તેને લગતા રસાયણો બનાવવાથી અમુક ચોકકસ પ્રકારની જીવાત સામે રક્ષણ મેળવી શકાય છે. તદઉપરાંત અન્ય બેકટેરિયામાં પણ બીટીમાંનું ઝેરી પ્રોટીન પેદા કરતું જનીન દાખલ કરી તેની તિવ્રતામાં વધારો કરી શકાય છે.

## બીટીના ફાયદા

૧. જંતુનાશક દવાઓનો વપરાશ ઓછો થવાથી વાતાવરણના પ્રદૂષણને ઘટાડે છે અને અને દવાનો ખર્ચ ઘટે છે.

૨. સંપૂર્ણ પ્રતિકારકતા મેળવી શકાય છે.

૩. જીવાતથી થતુ નુકસાન ઘટતા ઉત્પાદન વધે છે

૪. પાકને ફાયદો કરતી ઉપયોગી જીવાતોને બચાવી શકાય છે. જે સામાન્ય કપાસમાં જંતુનાશક દવાના છંટકાવને લીધે મરી જાય છે.

૫. બીટીનો છંટકાવ પાકના છોડને અન્ય કોઈ નુકસાન કરતો નથી.

## બીટીના ગેરફાયદા

૧. અમુક જીવાતો બીટીના ઝેરી તત્વથી કાબુમાં આવતી નથી. જે હાલ કરતા પણ વધુ નુકસાનકારક જીવાતની જાત સાબિત થઈ શકે છે. આમ સતત બીટી આધારિત દ્રાવણ તથા બીટી ટ્રાન્સજેનિક પાક નવી જીવાતની જાત પેદા કરી શકે છે.

૨. બીટી ટ્રાન્સજેનિક છોડ તથા તેના કુટુંબની બીજા જાત સાથે પરાગની આપ–લે દ્વારા નવી જાત ઉત્પન્ન થઈ શકે છે. જે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

૩. બીટીનું જનીન પાકના છોડમાં દાખલ કરતાં તેની સાથે અન્ય પ્રોટીન પેદા થઈ શકે છે જે માનવ શરીર માટે હાનિકારક હોય શકે.

૪. પ્રાયોગિક ધોરણે બીટીનું પ્રોટીન માનવ શરીરના કોષ માટે હાનિકારક માલુમ પડેલ છે. જે કોષમાં કોષઘટકને નુકસાન કરી પ્રતિકારકતા ધરાવતા તત્વનું વિઘટન કરે છે જેથી રોગપ્રતિકારક શકિત ઘટે છે.

૫. બીટીનું જનીન દાખલ કરેલ પાકના ભાગને તેની ખાદ્યતાની જરૂરી ચકાસણી કરીને જ ઉપયોગ કરવો જોઈએ.

# પ્રાકૃતિક ખેતીની જંતુનાશક દવા એટલે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને અગ્નિ અસ્ત્ર

» ઓછાં ખર્ચે અને પ્રાકૃતિક પદાર્થોથી ઘર બેઠાં તૈયાર થતી દવાઓ છે કુદરતની કમાલ

» પ્રાકૃતિક ખેતીના અમોઘ શસ્ત્ર : ચૂસિયા પ્રકારની અને મોટી જીવાતો, નાની ઈયળો, કીટકોથી પાક સંરક્ષિત રાખવા પ્રાકૃતિક 'અસ્ત્રો'નો પ્રયોગ કારગર

આલેખન: જય મિશ્રા

પ્રાકૃતિક ખેતીની જતુંનાશક દવા એટલે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને અગ્નિ અસ્ત્ર. આ પ્રાકૃતિક શસ્ત્રોના ઉપયોગથી, ચૂસિયા પ્રકારની અને મોટી જીવાતો, નાની ઈયળો, કીટકો વગેરેથી પાકને સંરક્ષિત રાખી શકાય છે. ખેડૂતો પ્રાકૃતિક પદાર્થોથી તૈયાર થતી આ દવાઓ ઓછાં ખર્ચે અને ઘરબેઠાં તૈયાર કરી શકે છે. રાજ્યને આગામી ૦૫ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી યુક્ત બનાવવા માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં માર્ગદર્શન હેઠળ મિશન મોડમાં પ્રયાસો થઈ રહ્યા છે. ઝેરયુક્ત રસાયણિક ખાતરોના ઉપયોગ વગર દેશી ગાયના છાણ અને ગૌમૂત્રની સાથે સાથે પ્રાકૃતિક પદાર્થો યુક્ત દવાઓના ઉપયોગ વાળી કૃષિ કરી અને ખેત ઉપજ વધી શકે છે અને તે સાથે ખર્ચમાં ઘટાડો થાય છે. પ્રાકૃતિક ખેતીમાં જેમ ખાતરની દવાઓ બની શકે છે તેમ પ્રાકૃતિક પદાર્થોની મદદથી ઘર બેઠાં રાસાયણિક દવાઓના વિકલ્પ જાતે બનાવી શકાય છે. નજીવા ખર્ચે બનતી આ દવાઓ લગભગ વિનામૂલ્યે તૈયાર થઈ શકે છે. થોડી મહેનત થકી આ દવાઓ તૈયાર થઇ શકે અને ખેતરમાં હોય તે ઉભા પાકને જીવાતોથી બચાવી શકે છે. પ્રાકૃતિક ખેતીના અસ્ત્રો નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને અગ્નિ અસ્ત્ર દ્વારા જીવાતોનું સંક્લિત વ્યવસ્થાપન કરી શકાય છે.

» **નિમાસ્ત્ર (ચૂસિયા પ્રકારની જીવાતો અને નાની ઈયળોના નિયંત્રણ માટે) :** ૨૦૦ લિટર પાણી, ૧૦ લિટર દેશી ગાયનું ગૌમૂત્ર, ૨ કિલોગ્રામ દેશી ગાયનું છાણ, ૧૦ કિગ્રા કડવા લીમડાના નાના પાંદડા, કુમળી ડાળીઓ અથવા ૨૦ થી ૩૦ કિલો લીંબોળી ખાંડીને આ મિશ્રણને કોથળાથી ઢાંકી ૪૮ કલાક છાંયડામાં રાખી સવાર સાંજ ૫-૫ મિનિટ માટે ઘડિયાળનાં કાંટાની દિશામાં હલાવવું ત્યારબાદ કપડાથી ગાળીને તેનો ઉપયોગ કરવો.

● **સંગ્રહ ક્ષમતા :** ૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય.

● **છંટકાવ :** પ્રતિ એકર ૨૦૦ લિટર ફક્ત નિમાસ્ત્ર. પાણી ભેળવવાનું નથી, પાળી ભેળવ્યા વગર સીધો જ છંટકાવ કરવો.

» **બ્રહ્માસ્ત્ર (કીટકો, મોટી જીવાતો અને ઈયળો માટે) :** ૨૦ લિટર દેશી ગાયનું ગૌમૂત્ર, ૨ કિલોગ્રામ કડવા લીમડાના પાનની ચટણી, ૨ કિલોગ્રામ કરંજના પાનની ચટણી, ૨ કિલોગ્રામ સીતાફળના પાનની ચટણી, ૨ કિલોગ્રામ એરંડાના પાનની ચટણી, ૨ કિગ્રા ધતુરાના પાનની ચટણી, ૨ કિલોગ્રામ બીલીપત્રના પાનની ચટણી આ પૈકી કોઈપણ પાંચ જાતની ચટણી લઈ આ મિશ્રણને ઢાંકી ધીમા તાપે એક ઉભરો આવે ત્યાં સુધી ગરમ કરીને ઠંડુ પડવા દેવું. ત્યારબાદ ૨ દિવસ સુધી સવાર-સાંજ ૫-૫ મિનિટ ઘડિયાળના કાંટાની દિશામાં હલાવવું પછી કપડાથી ગાળીને ઉપયોગ કરવો.

● **સંગ્રહ ક્ષમતા :** ૦૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય.

● **છંટકાવ :** પ્રતિ એકર ૧૦૦ થી ૨૦૦ લિટર પાણી ૬ થી ૮ લિટર ૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય.

» **અગ્નિઅસ્ત્ર (વૃક્ષના થડ અથવા દાંડીઓમાં રહેતાં કીટકો, કળીઓમાં રહેતી જીવાતો, ફળોમાં રહેતી જીવાતો, કપાસના કાલામાં રહેતી જીવાતો તેમજ બધા પ્રકારની મોટી જીવાતો અને ઈયળો માટે) રીત :** ૨૦ લિટર દેશી ગાયનું ગૌમૂત્ર, ૨ કિલોગ્રામ કડવા લીમડાના પાનની ચટણી, ૫૦૦ ગ્રામ તીખા મરચાની ચટણી, ૨૫૦ ગ્રામ દેશી લસણની ચટણી, ૫૦૦ ગ્રામ તમાકુનો પાવડર, ૫૦૦ ગ્રામ આદુની ચટણી, આ મિશ્રણને ઓગાળીને ઢાંકી ધીમા તાપે એક ઉભરો આવે ત્યાં સુધી ગરમ કરી ઠંડું પડવા દેવું ત્યારબાદ ૨ દિવસ સુધી સવાર-સાંજ ૫-૫ મિનિટ માટે ઘડિયાળના કાંટાની દિશામાં હલાવવું પછી કપડાંથી ગાળીને ઉપયોગ કરવો.

● **સંગ્રહ ક્ષમતા :** ૩ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય.

● **છંટકાવ :** પ્રતિ એકર ૧૦૦ થી ૨૦૦ લિટર પાણી, ૧ થી ૮ લિટર અગ્નિઅસ્ત્રનો છંટકાવ કરવો.

આમ, પાક સંરક્ષણના આ ઉપાયો દ્વારા ખેડૂતો પ્રાકૃતિક રીતે દવાઓ બનાવી અને તેનો છંટકાવ કરી શકે છે અને રાસાયણિક દવાઓથી થતી સંભવિત આડઅસરોથી જમીનને અને પાકને સંરક્ષિત રાખી શકે છે.

# કેટલાક અઠવાડિયાનાં ઘટાડા પછી ભારતનાં વિદેશી હૂંડિયામણમાં વધારો

(એચ.એસ.એલ), નવીદિલ્હી,તા.૮



ભારતના વિદેશી હૂંડિયામણના ભંડારમાં આઠ સપ્તાહના ઘટાડાનો અંત આવતાં ફરી એકવાર વધવાનું શરૂ થયું છે, જે ઘણા મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયું હતું. ૨૯ નવેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં, વિદેશી મુદ્રા ભંડાર ૧.૫૧૦ બિલિયન વધીને ૬૫૮.૦૯૧ બિલિયન થયો હતો, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટાએ આ સપ્તાહની શરૂઆતમાં દર્શાવ્યું હતું. સપ્ટેમ્બરમાં ૭૦૪.૮૯ બિલિયનની સર્વકાલીન ઉચ્ચ સપાટીને સ્પર્શ્યા બાદથી અનામતો ઘટી રહી હતી. અનામતમાં ઘટાડો રૂપિયાના તીવ્ર અવમૂલ્યનને રોકવાના હેતુથી આરબીઆઈના હસ્તક્ષેપને કારણે છે. પર્યાપ્ત વિદેશી હૂંડિયામણ અનામત બફર સ્થાનિક આર્થિક પ્રવૃત્તિને વૈશ્વિક આંચકાથી બચાવવામાં મદદ કરે છે. આરબીઆઈના તાજેતરના ડેટા દર્શાવે છે કે ભારતની ફોરેન કરન્સી એસેટ, વિદેશી વિનિમય અનામતનો સૌથી મોટો ઘટક ૫૬૮.૮૫૨ બિલિયન હતો. આરબીઆઈના ડેટા અનુસાર, હાલમાં સોનાનો ભંડાર ૬૬.૯૭૯ બિલિયન છે. તે જ સમયે, અંદાજો દર્શાવે છે કે ભારતનો વિદેશી હૂંડિયામણનો ભંડાર હવે અંદાજિત આયાતના લગભગ એક વર્ષને આવરી લેવા માટે પૂરતો છે.

# અમરેલી જિલ્લામાં ભાજપના શહેર - તાલુકાના પ્રમુખ પદ માટે ઉમેદવારનો રાફડો ફાટયો

અમરેલી, તા.૦૮



અમરેલી જિલ્લામાં ભાજપના તાલુકા અને શહેરના પ્રમુખ પદ માટે બે દિવસથી ઉમેદવારી ફોર્મ સ્વીકારવામાં આવી રહ્યા છે. આજે બીજા દિવસે પણ મોટી સંખ્યામાં પક્ષના કાર્યકરોએ ઉમેદવારી પત્રકો રજૂ કર્યા હતા.

કુલ ૨૦ મંડળો માટે બે દિવસમાં ૧૬૯ ફોર્મ રજૂ થયા છે. સૌથી વધુ સા.કુંડલા શહેરના પ્રમુખ તરીકે ૨૨ લોકોએ દાવેદારી નોંધાવી છે. ધારી તાલુકામાં-૧૨, ખાંભા તાલુકામાં-૧૦, ચલાલા શહેરમાં-૧૦, બગસરા શહેરમાં-૯, બગસરા તાલુકામાં-૬, અમરેલી શહેરમાં-૧૬, અમરેલી તાલુકામાં-૭, કુંકાવાવ તાલુકામાં-૮, લાઠી શહેરમાં-૬, લાઠી તાલુકામાં-૪, દામનગર શહેરમાં-૫, બાબરા શહેરમાં-૫, બાબરા તાલુકામાં-૯, સા. કુંડલા તાલુકામાં-૧૪, લીલીયા તાલુકામાં-૪, રાજુલા શહેરમાં-૬, રાજુલા તાલુકામાં-૧૧, જાફરાબાદ શહેરમાં-૩, જાફરાબાદ તાલુકામાં-૪ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ રજૂ કર્યા હતા. મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ પ્રમુખ પદ માટે દાવેદારી કરતા મોવડી મંડળ માટે પસંદગીનો પ્રશ્ન પણ પેચીદો બનશે.

# ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત જિલ્લા અધિક કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક

અમરેલી,તા.૦૮

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ખેલમહાકુંભ ૩.૦ નું આયોજન છે. શાળા, ગ્રામ્ય તાલુકા, ઝોન કક્ષા, જિલ્લા-મહાનગર પાલિકા, ઝોન કક્ષા (ટીમ રમત) અને રાજ્ય કક્ષાની વિવિધ સ્પર્ધા યોજાશે. આ કાર્યક્રમના આયોજન અર્થે નિવાસી અધિક કલેકટર દિલીપસિંહ ગોહિલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ હતી. નિયત વયજૂથના તમામ ખેલાડીઓ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન https://khelmahakumbh.gujarat.gov.in પર ડિસેમ્બર-૨૦૨૪ની તા.૦૫ થી તા.૨૫ સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં કરવું. પ્રત્યેક ખેલાડી મહત્તમ બે રમતમાં જ ભાગ લઈ શકશે. અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ના ગ્રુપના ખેલાડીઓએ જે-તે શાળામાંથી રજિસ્ટ્રેશન ફરજિયાત કરવું. કોલેજમાં અભ્યાસ કરતા ખેલડીઓએ ઓનલાઈન અથવા કોલેજ મારફતે રજિસ્ટ્રેશન કરાવવું, અભ્યાસ ન કરતા ખેલાડીઓએ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પરથી પોતાના વયજૂથ પ્રમાણે રજિસ્ટ્રેશન કરવું. સ્પર્ધામાં ભાગ લેવા માટેની વય મર્યાદાની કટઓફ ડેટ તા.૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ છે.

# કુંભમેળાનાં આયોજન માટે ડો. પ્રવિણ તોગડીયાની બેઠક

સુરત, તા.૦૮





પ્રયાગરાજ ખાતે યોજાનાર કુંભમેળા માટે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક અને રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. પ્રવીણભાઈ તોગડિયાના નેતૃત્વમાં યાત્રીઓ માટે વિવિધ સુવિધાનું આયોજન કરવામાં આવશે. જે અનુસંધાને સુરતમાં શુક્રવારે ઉદ્યોગપતિ સવજીભાઈ ધોળકિયા, રાજયસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, રવાણી ગ્રુપ અને વિવિધ સંસ્થાઓ દ્વારા ડો. પ્રવીણભાઈ તોગડિયાનું ભવ્ય સન્માન કરાયું હતું. આ સાથે પ્રવાસમાં સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ, પરિષદના દક્ષિણ ગુજરાત પ્રાંત અધ્યક્ષ કબાટવાળા પણ જોડાયા હતા.

# વડીયાના વિદ્યાર્થીઓ ભાવનગરના રીજિયનલ સાયન્સ સેન્ટરની મુલાકાતે

વડીયા,તા.૦૮



વડીયાના શ્રી સુરગવાળા સાર્વજનિક હાઈસ્કૂલ અને મોંઘીબા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષયક જ્ઞાન વધારવા માટે અનોખી તક મળી છે. કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, અમરેલી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ભાવનગર સ્થિત રીજિયનલ સાયન્સ સેન્ટરની મુલાકાત કરાવવામાં આવી હતી. રીજિયનલ સાયન્સ સેન્ટરમાં વિદ્યાર્થીઓએ મરીન એક્વાટિક, ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોમિકેનિક્સ, બાયો સાયન્સ અને નોબેલ પારિતોષિક વિજેતા વિષયો પર આધારિત વિવિધ પ્રદર્શનો અને પ્રયોગો જોયા હતા. આ પ્રદર્શનો દ્વારા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષયક જિજ્ઞાસા જાગૃત થઈ અને તેમને વિજ્ઞાનના વિવિધ પાસાઓ વિશે જાણવા મળ્યું હતું.

# સુરતમાં શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના થર્સ ડે થોટ કાર્યક્રમમાં 'ખુદ પર વિશ્વાસ' વિષયક ચર્ચા યોજાઇ

સુરત, તા.૦૮



લોકોને આત્મવિશ્વાસ અને સુખાકારીની દિશા આપવાના આશયથી શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત તરફથી દર ગુરૂવારે વિચારોનું વાવેતર કાર્યક્રમ યોજાય છે. આ અંતર્ગત ૫ ડિસેમ્બરના રોજ વરાછા બેંકના ઓડીટેરીયમમાં ૮૮મા થર્સ-ડે થોટ કાર્યક્રમમાં 'ખુદ પર વિશ્વાસ' વિષય ઉપર ડો. પંકજ ગાંધી (વૈજ્ઞાનિક અને સામાજિક કાર્યકર્તા)નું વકતવ્ય સંસ્થાના પ્રમુખ કાનજીભાઈ ભાલાળા અને ઉપપ્રમુખ સવજીભાઈ વેકરીયાના નેતૃત્વમાં સંપન્ન થયેલ. આ કાર્યક્રમમાં એવરેસ્ટ શિખર સર કરનાર ગુજરાતની સર્વપ્રથમ બે બહેનો કુ.અદિતી વૈદ અને કુ.અનુજા વૈદનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલ-ટીંબીના વહીવટકર્તા ટ્રસ્ટી બી.એલ. રાજપરાને સરદાર પટેલની પ્રતિમા, પુસ્તક અને શાલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતાં.

# કોડીનારના છાછર ગામમાંથી પસાર થતા રોડમાં ધીમી ગતિના કામથી લોકો ત્રાહિમામ

કોડીનાર,તા.૦૮



તસવીર : કુલદિપ પાઠક

કોડીનાર તાલુકાના છાછર ગામ તળમાંથી પસાર થતા સ્ટેટ હાઈવેના સીસી રોડનું કામ ખૂબ જ ધીમી ગતિએ ચાલતું હોવાથી સ્થાનિકો પરેશાન થઈ રહ્યા છે. અહીં એક સાઈડના કાચા રોડ ઉપર હેવી વાહનો ચાલવાના કારણે ત્યાં પડેલા ચીલામાં આજે કોડીનારની સિમેન્ટ ફેક્ટરીનો ટ્રક ખૂંચી જતા બે કલાક વાહન વ્યવહાર ખોરવાયો હતો. ખૂંચી ગયેલા ટ્રકને લોડરની મદદથી બહાર કાઢીને ટ્રકમાં ભરેલું મટીરિયલ રોડ ઉપર ઠાલવી પુનઃ વાહન વ્યવહાર શરૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. છાછર ગામમાંથી પસાર થતાં સ્ટેટ હાઈવ રોડ બીસ્માર થઈ જવાથી આર એન્ડ બી (સ્ટેટ) દ્વારા આ રોડના નવીનીકરણ માટે ઉના તાલુકાના રામપરા ગામના જય સુખનાથ કન્સ્ટ્રકશન કંપનીને સીસી રોડનું કામ આપવામાં આવેલું હતું પરંતુ આ કન્ટ્રક્શન કંપનીએ તેને આપેલી બે મહિનાની સમય મર્યાદામાં માત્ર ૩૦ ટકા જેટલું કામ કર્યું હોવાથી રોડની એક સાઈડ ઉપર હેવી વાહનોની અવરજવરના કારણે મોટા મોટા ખાડા પડી ગયા છે. આ રોડ ઉપરથી સ્કૂલે જતા હજારો બાળકોની પણ અવર-જવર થાય છે ત્યારે આ રોડનું કામ તાકીદે પૂરું કરવામાં આવે તેવી માગણી ઉઠી છે.


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૨૨/૨૦૨૪

અરજદાર :- શ્રી રાઠોડ વિજયભાઈ નારણભાઈ
સરનામું :- મું.માણેકપુર, તા.ઉના, જી.ગીર સોમનાથ

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બલાણા
મું.બલાણા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરસોમનાથ જિલ્લાના **ઉના તાલુકાના માણેકપુર** ગામના શ્રી **રાઠોડ વિજયભાઈ નારણભાઈ** એ તેમની **પુત્રી નામે શ્રી જાગુબેન વિજયભાઈ રાઠોડ નો જન્મ તા.૧૬/૧૦/૨૦૧૩ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વિશાલભાઈ એચ.ગંગાજળીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૨૯/૧૧/૨૦૨૪**
(કોર્ટનો સિક્કો)
**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**


# શ્રીલંકન નેવીએ આઠ ભારતીય માછીમારોની બોટ સાથે ધરપકડ કરી

(એચ.એસ.એલ),ચેન્નાઇ,તા.૮



શ્રીલંકન નેવી દ્વારા ભારતીય માછીમારોને પકડવાની પ્રક્રિયા ચાલી રહી છે. રવિવારે સવારે આઠ ભારતીય માછીમારોને શ્રીલંકન નૌકાદળ દ્વારા પકડવામાં આવ્યા હતા અને તેમની પાસેથી બે બોટ જપ્ત કરવામાં આવી હતી. પકડાયેલા માછીમારો તામિલનાડુના રામનાથપુરમના રહેવાસી છે. તેમની ઓળખ મંગડુ ભત્રપ્પન, રેડ્ડીયુરાની, કન્નન, ચિન્ના રેડ્ડીયુરાની મુથુરાજ, અગસ્તિયાર કુતમ કાલી અને થંગાચીમાદ યાસીન, જીસસ, ઉચીપુલ્લી રામકૃષ્ણન અને વેલુ તરીકે કરવામાં આવી છે. મંડપમ ફિશરમેન એસોસિએશનના જણાવ્યા અનુસાર પકડાયેલા માછીમારો મંડપમથી દરિયા તરફ ગયા હતા. તેઓ પાલ્ક ખાડીના દરિયાઈ વિસ્તારમાં માછીમારી કરી રહ્યા હતા. આજે સવારે શ્રીલંકાનું નૌકાદળ આ વિસ્તારમાં આવ્યું હતું અને દાવો કર્યો હતો કે માછીમારો સરહદ પાર કરી ગયા છે. ગઈકાલે ૭ ડિસેમ્બરના રોજ, ૩૨૪ બોટમાં માછીમારો રામનાથપુરમના મંડપમ ઉત્તર કિનારે પાલ્ક બે વિસ્તારમાં ડેલ્ફ્ટ ટાપુ નજીક માછીમારી કરી રહ્યા હતા. શ્રીલંકાનું નૌકાદળ આજે સવારે આ વિસ્તારમાં પહોંચ્યું અને બે બોટ આઈએનડી ટીએન ૧૧ એમએમ જપ્ત કરી હતી.

# ઘાંટવડ ગામે અગ્નિવીર યોજના હેઠળ સેનામાં જોડાયેલ યુવાનનું ગૌરવપૂર્ણ સ્વાગત

કોડીનાર,તા.૦૮



કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના યુવાન પ્રફુલભાઈ જાદવભાઈ સોચાએ દેશની સેવા કરવાનું નક્કી કર્યું છે. અગ્નિવીર યોજના હેઠળ તેઓ ભારતીય સેનામાં જોડાયા અને ૬ મહિનાની તાલીમ પૂર્ણ કરીને પોતાના માદરે વતન પરત ફર્યા છે. તેમનું ગામે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રફુલભાઈના સ્વાગતમાં ગામના તમામ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગામમાં ત્રિરંગા યાત્રા કાઢવામાં આવી હતી અને ડીજેના તાલે નાચતા-ગાતા લોકો, યુવાનો, મહિલાઓ અને ગામના આગેવાનોએ પ્રફુલભાઈનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ગ્રામ પંચાયતના સરપંચ રફીકભાઈ મહેતર, ન્યાય સમિતિના ચેરમેન અશોકભાઈ વાઢેર, સંતો, મહંતો અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૧૪/૨૦૨૪

અરજદાર :- શ્રી સોલંકી લખમીબેન બાબુભાઈ
સરનામું :- મું.રોહીસા, તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા
મું.રોહીસા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના રોહીસા** ગામના શ્રી **સોલંકી લખમીબેન બાબુભાઈ** એ તેમની **પુત્રી નામે શ્રી કંચનબેન બાબુભાઈ સોલંકી નો જન્મ તા.૧૫/૧૧/૨૦૦૨ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વિશાલભાઈ એચ.ગંગાજળીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૨૯/૧૧/૨૦૨૪**
(કોર્ટનો સિક્કો)
**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૩૬/૨૦૨૪

અરજદાર :- શ્રી લીલાબેન કસાભાઈ મકવાણા
સરનામું :- મું.રોહીસા, તા.જાફરાબાદ, જી.અમરેલી.
હાલ રહે. ભીમપરા વિસ્તાર ઉના, તા.ઉના, જિ.ગીરસોમનાથ

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા
મું.રોહીસા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના રોહીસા** ગામના શ્રી **લીલાબેન કસાભાઈ મકવાણા** એ તેમના **પુત્રી નામે શ્રી સવિતાબેન કસાભાઈ મકવાણા નો જન્મ તા.૧૨/૦૩/૧૯૯૨ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વિશાલભાઈ એચ.ગંગાજળીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૨૯/૧૧/૨૦૨૪**
(કોર્ટનો સિક્કો)
**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૨૧/૨૦૨૪

અરજદાર :- શ્રી મકવાણા અરજણભાઈ લાખાભાઈ
સરનામું :- મું.હેમાળ, તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા
મું.રોહીસા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના હેમાળ** ગામના શ્રી **મકવાણા અરજણભાઈ લાખાભાઈ** એ તેમની **પુત્રી નામે શ્રી મમતાબેન અરજણભાઈ મકવાણા નો જન્મ તા.૨૯/૦૯/૨૦૧૬ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વિશાલભાઈ એચ.ગંગાજળીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૨૯/૧૧/૨૦૨૪**
(કોર્ટનો સિક્કો)
**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૩૮/૨૦૨૪

અરજદાર :- શ્રી ચિથરભાઈ પુંજાભાઈ નાગર
સરનામું :- મું.હેમાળ, તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - હેમાળ
મું.હેમાળ, તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના હેમાળ** ગામના શ્રી **ચિથરભાઈ પુંજાભાઈ નાગર** એ તેમની **પુત્રી નામે શ્રી ગીતાબેન ચિથરભાઈ નાગર નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૫ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ડી.એમ.નાગર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૨૯/૧૧/૨૦૨૪**
(કોર્ટનો સિક્કો)
**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**કેટલાક વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ રહે તેવી સંભાવના**

# ગુજરાતમાં આગામી ૨૪ કલાકમાં ઠંડીનું મોજુ ફરી વળવાની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ,તા.૮



ગુજરાતમાં ધીમે ધીમે ઠંડી વધી રહી છે. જેમાં આગામી ૨૪ કલાકમાં ગુજરાતમાં ઠંડીનું મોજુ ફરી વળશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આજે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં કડકડતી ઠંડી પડી રહી છે. તેમજ કેટલાક વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ રહે તેવી સંભાવના છે. બીજી તરફ હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલની આગાહી અનુસાર આગામી ૨૪ કલાકમાં ઠંડીનું મોજું ફરી વળવાની શક્યતા છે. તેમજ આગામી ૭૨ કલાકમાં ઉત્તર ગુજરાતના ભાગોમાં હાડ થીજવતી ઠંડી પડે તેવી આગાહી કરવામાં આવી છે. બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પંચમહાલમાં ઠંડી વધારે પડે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે ૧૭ ડિસેમ્બર બાદ મહત્તમ તાપમાન વધે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. મધ્ય ગુજરાતના ભાગોમાં ૩૦ -૩૧ ડિગ્રી તાપમાન રહે તેવી શક્યતા છે.

# ધારી તાલુકાના દુધાળા ગામે શિયાળામાં કેસર કેરીનું આગમન

**ગોંડલ માર્કેટ યાર્ડમાં કેસર કેરીના ૧ બોક્સનો ભાવ ૨૬૨૫ બોલાયો**

અમરેલી, તા.૦૮



સામાન્ય રીતે ઉનાળામાં જોવા મળતી કેસર કેરી હવે શિયાળામાં પણ જોવા મળી રહી છે. આ અનોખી ઘટનાએ કેરીના શોખીનોમાં ખુશીનો માહોલ સર્જ્યો છે. ગોંડલના એપીએમસી ફ્રુટ માર્કેટિંગ યાર્ડમાં આજે જીરા દુધાળા ગામની કેસર કેરીની હરાજી થઈ હતી. ૫ કિલોના ૧૨ બોક્સની આવક થઈ હતી અને હરાજીમાં એક બોક્સનો ભાવ રૂ. ૨૬૨૫ બોલાયો હતો. આ કેરીનો સ્વાદ ઉનાળાની કેરી કરતાં વધુ સારો હોવાનું જણાવવામાં આવ્યું છે. જીરા દુધાળા ગામના ખેડૂત શાંતિભાઈ વિરજીભાઈ પાઘડાળ પોતાના બગીચામાંથી આ કેરી લાવ્યા હતા. તેમણે જણાવ્યું કે, શિયાળામાં અન્ય ફળોની તુલનામાં કેસર કેરીનું ઉત્પાદન ઓછું હોવાથી તેની માંગ અને ભાવ વધુ રહે છે. શિયાળામાં આવી કેરી મળવી એ ખેડૂતો અને વેપારીઓ બંને માટે આશ્ચર્યજનક છે.

**રેસ્કયુ સાધનો વડે બોડી કાપી મૃતદેહ બહાર કઢાયા**

# ગાંધીનગર પાસે પૂરઝડપે જઈ રહેલી કાર ટ્રક પાછળ ટકરાતા બે યુવકોના મોત

ગાંધીનગર,તા.૮



ગાંધીનગર પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બ્રેઝા કાર એક ટ્રક પાછળ ટકરાતા બે યુવકના મોત નિપજ્યા હતા. આ બનાવની વિગત મુજબ બેર્ગર નાના ચિલોડા સર્કલથી લીંબડીયા નર્મદા મુખ્ય કેનાલ બ્રિજ પાસે ગત મધરાતે ટ્રકની પાછળ બ્રેઝા કાર ઘૂસી જતાં બે યુવાનના ઘટનાસ્થળે કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. અકસ્માત એટલો ભયાવહ હતો કે, ગાંધીનગર ફાયર બ્રિગેડને કારનો દરવાજો અને બોડી રેસ્કયુ સાધનો વડે કાપીને મૃતદેહ બહાર કાઢવાની ફરજ પડી હતી. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરના લીંબડીયા નર્મદા મુખ્ય કેનાલ બ્રિજ પાસે મધરાતે ગમખ્વાર અકસ્માત સર્જાતા બે યુવાનોને કાળ ભરખી ગયો છે.

**ક્રૂ મેમ્બર સહિત સ્ટાફે યુવકને લાઈફ સેવિંગ સાધનો વડે બચાવ્યો**

# રો-રો ફેરીમાંથી દરિયામાં કૂદી યુવકે કર્યો આપઘાતનો પ્રયાસ

સુરત, તા.૦૮



ઘોઘા અને હજીરા વચ્ચે આવેલા દરિયામાં આજે એક વિચિત્ર ઘટના બની હતી. ઘોઘા અને હજીરા વચ્ચે ચાલતી રો-રો ફેરીના જહાજમાંથી એક યુવક દરિયામાં કૂદી ગયો હતો. યુવક દરિયામાં કૂદી ગયો હોવાની જાણ થતાં ક્રૂ મેમ્બર દોડી આવ્યા હતા અને યુવકને બચાવી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ હજીરા પહોંચેલા જહાજમાંથી યુવકને હજીરા પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો. હાલ તો આ યુવકે આપઘાતનો પ્રયાસ શા માટે કર્યો તે અંગે તપાસ કરી રહી છે. મળતી માહિતી પ્રમાણે, ઘોઘાથી હજીરા આવવા માટે સવારે ૮:૦૦ વાગ્યે જહાજ ઉપડ્યું હતું. હજીરા પહોંચતા પહેલા દરિયામાં ૧૧ નોટિકલ માઈલ દૂર એક ૨૫ વર્ષીય યુવક રો-રો ફેરીના જહાજમાંથી દરિયામાં કૂદી ગયો હતો. યુવક જહાજમાંથી કૂદી ગયો હોવાની જાણ થતાં રો-રો ફેરીનો મેમ્બર સહિતનો સ્ટાફ દોડી આવ્યો હતો. સેવિંગ લાઈફ ઈન્સ્ટુમેન્ટ દરિયામાં ફેંકીને આ યુવકને બચાવી લેવામાં આવ્યો હતો.

# ખ્યાતિ હોસ્પિટલમાંથી ૨૦ પોટલા સાહિત્ય કબજે કરાયુ




અમદાવાદ,તા.૮

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલકાંડમાં ક્રાઈમ બ્રાંચ, એસઆઈટી અને આઈટી ટીમે સંયુક્ત તપાસ હાથ ધરી છે. વધુ તપાસ અને ખુલાસાઓ માટે હોસ્પિટલમાંથી ૨૦ પોટલા ભરીને સાહિત્ય કબજે કરવામાં આવ્યું છે. ડિરેક્ટર્સ મિનિટ્સ બુક સહિત ૩ હજાર ૮૦૦ સર્જરી અને દર્દીઓના ડેટા પણ જપ્ત કરવામાં આવ્યા છે. તપાસ અધિકારીઓએ આરોપી ડોક્ટર સંજય પટોલીયાને સાથે રાખીને હોસ્પિટલમાં સર્ચ કર્યુ હતું. તપાસ દરમિયાન ખ્યાતિ હોસ્પિટલના સીએને પણ સાથે રાખવામાં આવ્યા હતા. અત્રે જણાવીએ કે, ખ્યાતિ હોસ્પિટલ કાંડ મુદ્દે ક્રાઈબ્રાન્ચે ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. હોસ્પિટલમાં ૩ વર્ષમાં કુલ ૧૧૨ દર્દીઓના મોત થયા હતા. તેમજ હોસ્પિટલમાં પીએમજેએવાય હેઠળ ૮ હજાર ૫૩૪ દર્દીઓએ સારવાર લીધી હતી. હોસ્પિટલમાં માત્ર સરકારી યોજનાના રૂપિયા માટે ઓપરેશન કરાતા હતા. સરકારી યોજનાના રૂપિયાની આવક છતા ખ્યાતિ હોસ્પિટલ ખોટ બતાવતી હતી. હોસ્પટિલે નાણાંકીય ભંડોળમાં ૧.૫૦ કરોડની ખોટ બતાવી હતી. ક્રાઈમ બ્રાંચે જણાવ્યું કે આર્થિક નાણાકીયની હેરફેરને લઈને તપાસ કરવામાં આવી છે. પીએમજેએવાય યોજનામાં ટેન્ડર કંપની બજાજ એરલાઈન્સે તપાસ શરૂ કરી છે. તેમજ અન્ય આરોપીઓ સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરાઈ છે. આરોપી ડો. સંજય પટોળીયા અમદાવાદ બેરિયાટ્રિક્સ હોસ્પિટલના સ્થાપક છે. ૨૦૨૧માં નવા ભાગીદાર કાર્તિક પટેલ, પ્રદીપ કોઠારી અને ચિરાગ રાજપૂતને સામેલ કરીને ખ્યાતિ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ શરૂ કરી હતી.

# પૂર્વ આઈપીએસ ઓફિસર સંજીવ ભટ્ટ કસ્ટોડિયલ ટોર્ચર કેસમાં નિર્દોષ જાહેર

(એચ.એસ.એલ),પોરબંદર,તા.૮

પૂર્વ આઈપીએસ ઓફિસર સંજીવ ભટ્ટને ગુજરાતની એક કોર્ટમાંથી મોટી રાહત મળી છે. પોરબંદરની કોર્ટે તેને ૧૯૯૭ના કસ્ટોડિયલ ટોર્ચર કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે. કોર્ટે કહ્યું કે ફરિયાદ પક્ષ 'વાજબી શંકાથી પરેનો કેસ સાબિત કરી શક્યો નથી'. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ મુકેશ પંડ્યાએ શનિવારે પોરબંદરના તત્કાલિન પોલીસ અધિક્ષક (એસપી) ભટ્ટને આઈપીસીની કલમો હેઠળ તેમની સામે નોંધાયેલા કેસમાં શંકાનો લાભ આપીને નિર્દોષ જાહેર કર્યા હતા. આરોપીની કબૂલાત મેળવવા માટે ગંભીર ઈજા પહોંચાડતી કલમો અને અન્ય જોગવાઈઓ હેઠળ ભૂતપૂર્વ આઈપીએસ સામે કેસ નોંધવામાં આવ્યો હતો.

# અમદાવાદમાં ચોંકાવનારો કિસ્સો : અકસ્માતના બહાને ૪૦ લાખની લૂંટ

અમદાવાદ,તા.૮




રાજ્યમાં ચોરી અને લૂંટના બનાવો દિવસેને દિવસે વધી રહ્યા છે. ત્યારે અમદાવાદમાંથી લૂંટનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શહેરના હીરાવાડી રોડ પરથી બુકાનીધારી બે લોકો લૂંટ ચલાવીને લાખો રૂપિયા લઈને ફરાર થઈ ગયાનો બનાવ સામે આવ્યો છે. જણાવી દઈએ કે, આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. અમદાવાદમાં ગઠિયા બેફામ બન્યા હોય તેવો કિસ્સો સામે આવ્યો છે. હીરાવાડી રોડ પર બુકાનીધારી બે લોકોએ અકસ્માતના બહાને કારચાલકને રોકી લૂંટ કરી હતી. જેમાં, આરોપીઓ ૪૦ લાખ રોકડ રૂપિયા લઈને ફરાર થઈ ગયા હતા. જણાવી દઈએ કે, નસીત ઈન્ફ્રા બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન સાથે સંકળાયેલ હરી રંગોળીયા બાપુનગર જયંતિ સોમાં આંગડિયા પેઢીમાંથી ૪૦ લાખ રોકડ રૂપિયા લઈને નીકળ્યો હતો. ત્યારે અકસ્માતના બહાને કારનો કાચ ખોલાવીને ૪૦ લાખ ભરેલ બેગ લઈ બાઈકસવાર શખ્સો ફરાર થઈ ગયા હતા.

# જુગાર રેડ મામલે મોરબી ટંકારાના પીઆઈ અને કોન્સ્ટેબલ સસ્પેન્ડ

(એચ.એસ.એલ),મોરબી,તા.૮

મોરબીના ટંકારા નજીક આવેલ કમ્ફર્ટ રિસોર્ટમાં પોલીસ દ્વારા જુગારની રેડ કરીને રૂપિયા ૬૩ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જે જુગાર રેડ મામલે મોરબીના ટંકારાના પીઆઈ અને કોન્સ્ટેબલની અગાઉ બદલી કરવામાં આવી હતી. તો આજે પીઆઈ અને કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. મોરબીના ટંકારા પોલીસે કમ્ફર્ટ રિસોર્ટ ખાતે ગત તા. ૨૭-૧૦ ના રોજ રેડ કરીને રૂપિયા ૬૩.૧૫ લાખની રોકડ રકમ સાથે નવ આરોપીને ઝડપી લીધા હતા. જે રેડમાં પોલીસ અધિકારીઓએ તોડ કર્યાનું તેમજ આરોપીના નામો ફેરવ્યાના આરોપોને પગલે પીઆઈ વાય.કે. ગોહિલ અને કોન્સ્ટેબલ મહિપતસિંહ સોલંકીની બદલી કરવામાં આવી હતી. જે રેડ બાદ ગઈકાલે તા. ૦૬ ડિસેમ્બરના રોજ SMC વડા નિર્લિપ્ત રાય કમ્ફર્ટ રિસોર્ટ ખાતે તપાસ અર્થે આવ્યા હતા અને કમ્ફર્ટ રિસોર્ટમાં તપાસ ઉપરાંત પોલીસના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. તપાસ રિપોર્ટ મોરબી એસપીને સોપાયો હતો. ત્યારબાદ સસ્પેન્ડ કર્યા હતા.













